**નવી દિલ્હી :** જાન્યુઆરી ૨૪, ૧૯૬૧

**પ્રશ્ન** : શું મુક્તિ એ ભ્રાંતિ છે?

**માતાજી** : ના, મનુષ્ય મુક્ત છે.

**પ્રશ્ન** : પરંતુ મનુષ્ય તો જીવ છે. તેનામાં અહંકાર છે અને આ અહંકાર તો ભ્રાંતિ છે. તો પછી તે મુક્ત કઈ રીતે હોઈ શકે?

**માતાજી** : ખરું, સામાન્ય માણસ જે પોતાને શરીર અને મન સમજે છે, તે મુક્ત નથી, પરંતુ મનુષ્ય - અતિમનસ, આત્મા મુક્ત છે.

❑ ◆ ❑

**હરદ્વાર :** ફેબ્રુઆરી ૫, ૧૯૬૧

આજે અડધો ડઝન સ્વિસ લોકોનું એક દળ માતાજીની સાથે વાતો કરવા આવ્યું. તેમાંના મોટા ભાગનાને અંગ્રેજી સમજાતું ન હતું અને માતાજી જે કંઈ બોલે તેનો મારે જર્મનમાં અનુવાદ કરવાનો હતો. એમાંના એક આધેડ વયનાં બહેન લોકોને હાથના સ્પર્શથી સાજા કરી શકે છે અને વળી, કલ્પના શક્તિ દ્વારા સ્પર્શ કર્યા વગર દૂરથી પણ સાજા કરી શકે છે. એક પાદરીએ તેમને આ પદ્ધતિ શીખવાડી હતી પરંતુ એમને પોતાની પદ્ધતિ ક્ષતિરહિત નથી એવો અંદેશો હતો કારણ કે કોઈને સાજા કર્યા પછી તેમને થાક લાગતો, અને જે દર્દને મટાડવાનો પ્રયત્ન કરે તેનો અનુભવ પોતાના શરીરમાં થતો. જેમ કે અંધ વ્યક્તિને દૃષ્ટિ મળે તે માટેનો પ્રયત્ન કરતાં કરતાં દસ મિનિટ માટે તેને પોતાને અંધાપાનો અનુભવ થાય. જો કે એક કિસ્સામાં તેને સાજો કરવામાં તેમને નિષ્ફળતા મળી હતી. ઋષિકેશમાં એક મહાત્માએ તેમને આ માંદાને સાજા કરવાની પ્રવૃત્તિ છોડી દેવાની સલાહ આપી હતી, કારણ કે તેમ કરવાથી તેમની આધ્યાત્મિક પ્રગતિ રૂંધાય. માતાજી આ અંગે શું કહે છે તે તેઓ જાણવા માગતા હતા. (આ બહેનને ઘણાં બધાં સંતાનો છે અને આ પ્રવૃત્તિ તેમની આજીવિકાનું સાધન છે.)

**માતાજી** : આ રીતે વર્ણવેલી પદ્ધતિ પ્રમાણે હાથ મૂકવાથી જે

આંતરિક ભૂમિકાઓથી સાજા કરવાની પ્રવૃત્તિ થાય છે તે ભૂમિકા પર સ્થગિત થઈ જવાય અને તેની પેલે પાર જવામાં રુકાવટ આવે. કેમ કે જેણે પોતાનું જીવન સંપૂર્ણપણે પરમાત્માની ખોજમાં સમર્પિત કર્યું હોય તેને માટે આ રીતે લોકોને સાજા કરવા એ વ્યવધાનરૂપ છે, પરંતુ ગૃહસ્થની વાત અલગ છે. તેને કોઈ ને કોઈ રીતે દ્રવ્યોપાર્જન કરવા માટે કોઈ કામધંધો કરવાનો હોય છે. કેટલાક દર્દીઓ પાસેથી તમે બદલામાં પૈસા લઈ શકો અને બીજાને નિઃશુલ્ક સારવાર આપી શકાય અને આ રીતે સેવા થઈ શકે. કેટલાક લોકોને આનાથી લાભ થશે. કેટલાક કિસ્સાઓમાં તમારાથી દર્દીઓ સાજા ન પણ થાય, કેમકે દરેકના ભાગ્યમાં સાજા થવાનું ન પણ લખ્યું હોય, પરંતુ કોઈ પણ રીતે કંઈક સારું તો તમારા હાથે થશે જ. જેને જીવનનિર્વાહ કરવાનો છે અને બાળકોને કેળવણી આપવાની છે તે સમાધાન કર્યા વગર જીવી ન શકે પરંતુ જેણે સત્યની શોધને કાજે જીવન આપી દીધું છે તેને કોઈ સમાધાન ખપતું નથી. તેણે કોઈ પણ ભોગે સત્યને વળગી રહેવું જોઈએ. આવી વ્યક્તિ માટે આ પ્રવૃત્તિ વ્યવધાનરૂપ છે.

**પ્રશ્ન :** અમે યુરોપમાં એક આંતરરાષ્ટ્રીય અધ્યાત્મ કેન્દ્રની સ્થાપના કરવા માગીએ છીએ. ત્યાં બધી જાતના યોગની તાલીમ અપાશે. આખા યુરોપમાં અધ્યાત્મપિપાસા તીવ્ર છે અને વધતી જાય છે. અમે અમારી યોજનામાં આગળ વધીએ ને?

**માતાજી :** યોગનું શિક્ષણ કોણ આપવાનું છે?

**પ્રશ્ન :** સમગ્ર વિશ્વમાંથી લોકો આવી આવીને યોગ શીખવે એવી વ્યવસ્થા અમે કરીએ છીએ. કેટલાક લોકોએ પોતાનો બધો સહકાર આપવાની તૈયાર બતાવી છે.

**માતાજી :** જો યોગ્ય શિક્ષકો મળે તો આવું કેન્દ્ર સ્થાપવું એ ખરેખર સારી યોજના છે પરંતુ બધાનો આધાર શીખવનારની ક્ષમતા અને આંતરિક ગુણવત્તા પર છે.

❑ ◆ ❑

**હરદ્વાર :** માર્ચ, ૧૯૬૧

ક્યારેક દર્શનનાં સમય દરમિયાન માતાજીને પત્રો વાંચી સંભળાવવામાં આવે છે. જર્મનીથી એક ભક્ત પુછાવે છે કે પોતાની નાદુરસ્ત તબિયત વિશે બોલવાનું અને વિચારવાનું સાવ જ બંધ કરીને તેની સંપૂર્ણપણે ઉપેક્ષા કરવી એ વધુ સારું કહેવાય કે કેમ? માતાજી પ્રત્યુત્તર આપે છે, ''શરીરને તંદુરસ્ત રાખવા માટે જેટલું જરૂરી હોય તેટલું કરવું જોઈએ પરંતુ મનનું અનુસંધાન પરમાત્મા પ્રતિ રહેવું જોઈએ.''

❑ ◆ ❑

**હરદ્વાર :** એપ્રિલ ૧, ૧૯૬૧

જ્યાં સોલનના રાજાએ પ્રાંગણની મધ્યમાં શિવાલયવાળી એક ધર્મશાળા બાંધી છે ત્યાં 'બાઘાટ હાઉસ', કનખલમાં અમે ઉતારો રાખ્યો છે. મકાનનો એક ભાગ માતાજી અને તેમની મંડળી માટે અનામત રાખવામાં આવ્યો છે. એમના દર્શન માટે કેટલા બધા વિદેશીઓ આવે છે ! અને એમના નાનકડા ઓરડામાં ભારતીયો કરતાં યુરોપિયનો વધારે હોય એવું બને છે.

આજે મધ્યાહ્ન સમયે રાજપૂતાનાનાં મહારાણી અને તેમની કુંવરી માતાજીના ઓરડામાં હતા. એક જર્મન સન્નારી, એક સ્વિટ્ઝર્લેન્ડની કન્યા અને હું એમ ત્રણ જણને માતાજીએ બોલાવીને એમની સાથે બેસાડ્યાં. થોડા સમય પછી એક અમેરિકન અને એક સ્કેન્ડીનેવિયન ઋષિકેશથી આવી પહોંચ્યા. એ નાનકડા ઓરડામાં જુદાં જુદાં છ રાષ્ટ્રના નાગરિકો એકત્રિત થયા હતા.

એક જર્મન બહેને પૂછ્યું : મનને કોઈ સીમા છે અને ક્યાં છે?

**માતાજી :** આત્માની શોધ પૂરી થાય ત્યાં મનની સીમા.

**પ્રશ્ન :** મન બહાર છે કે અંદર?

**માતાજી :** મન જ્યાં સુધી બહાર હોય છે ત્યાં સુધી એ આમતેમ ભટક્યા કરે છે; તેથી આત્માની ભાળ મેળવવા માટે મનને અંદર તરફ વાળો, અંતર્મુખ કરો.

**સ્વીસ કન્યા :** ધ્યાન કઈ રીતે કરવું જોઈએ? કોઈ એકાદ પુષ્પ કે એવા કોઈ પદાર્થ પર એકાગ્ર થઈને કે પછી મનને સાવ ખાલી કરવાનો યત્ન કરીને ?

**માતાજી :** બે પદ્ધતિ છે. એક છે શિવ, કાલી, દુર્ગા, કૃષ્ણ, રામ વગેરેમાંથી કોઈ પણ એક દેવી-દેવતા પર એકાગ્રતા કરવી. જેને પરમાત્માના કોઈ એક સ્વરૂપનું આકર્ષણ છે તેને માટે આ છે. બીજી પ્રક્રિયા છે, મનને સાવ ખાલી કરીને દૂરથી સાક્ષીભાવથી જોયા કરવું. ધ્યાન કરનાર વ્યક્તિનાં વૃત્તિવલણો અને પ્રકૃતિ પર આ બેમાંથી શું પસંદ કરવું તે અવલંબે છે. મોટાભાગના અભીપ્સુને માટે મનને ખાલી રાખવું બહુ મુશ્કેલ છે. તેથી અંદરના પ્રકાશ દ્વારા આપણે બધા બાહ્ય પદાર્થોને પણ જોઈ શકીએ છીએ - તેના પર પણ એકાગ્ર થઈ શકાય. માણસ અંધ હોય તો પણ આ અંદરના પ્રકાશને જોઈ શકે છે. બીજી પદ્ધતિ સાવ સ્થિર બેસીને શ્વાસની ગતિને જોવાની છે, તેનાથી મન સ્થિર થાય છે.

આટલું બોલ્યા પછી કોઈએ માતાજીને અંદરથી બોલાવી લીધાં અને એ ઓરડામાંથી ગયાં. મહારાણીએ અમને કહ્યું કે એ પોતે ધ્યાન વિશે આવા જ પ્રશ્નો પૂછવા માગતાં હતાં પણ તેમને અત્યંત સંકોચ થતો હતો. તેથી તેને એવી આશા હતી કે માતાજી સ્વયં તેને આ મુદ્દા પર માર્ગદર્શન આપશે. સ્વિસ કન્યાએ આ જ પ્રશ્નને વાચા આપી અને તેને (મહારાણીને) પણ પોતાનો ઉત્તર મળી ગયો તેનો તેને ઘણો આનંદ હતો. તેણે કહ્યું કે પોતે માતાજી સાથે હોય ત્યારે આવું તેની બાબતમાં ઘણી વાર બન્યું છે.

❑ ◆ ❑

**કનખલ :** એપ્રિલ ૪, ૧૯૬૧

એક નવા આવેલા બ્રાહ્મણ જ્ઞાતિના ઉંમરલાયક સજ્જને વાત કરી કે પોતે કેટલાંક વર્ષથી હરદ્વારમાં રહે છે અને મોક્ષના હેતુથી અધ્યાત્મ-સાધના અને સત્સંગમાં સમર્પિત થઈને સમય ગાળે છે. પરંતુ આટલા બધા પ્રયત્નો છતાં કોઈ ખરેખરું પરિવર્તન થયું ન હોવાથી હતાશા અનુભવે

છે. એને જાણવું હતું કે જો તે આવી સ્થિતિમાં મૃત્યુ પામે તો તેને મોક્ષ મળે કે કેમ.

**માતાજી :** જો વ્યક્તિ પોતે પવિત્ર સ્થળે પવિત્ર સંગમાં રહેતી હોય અને સાધનામાં સમય ગાળતી હોય તેમ છતાં ધારી પ્રગતિ ન થાય તો તેનો હેતુ સંપૂર્ણપણે શુદ્ધ ન હોય એ કારણે. આને કારણે પોતે જે કંઈ કરતા હોય તેની સારી અસરોની સાથે અનિચ્છનીય બાબતો પણ ફૂટી નીકળે છે. પવિત્ર સ્થાન અને સત્સંગની શુભ અસર તો થાય જ પરંતુ સાથે સાથે પોતાનાં અશુભ કર્મોનાં ફળ ભોગવવા જ પડે. સંચિત કર્મો પોતાના શુભાશુભ ફળનો ભોગ જરા જેટલો પણ બાકી રાખે નહિ. કોઈ પણ સંજોગોમાં નિરંતર પુરુષાર્થ કર્યા કરવો અને પોતાના સંકલ્પમાં અને પોતાના પ્રયત્નોમાંથી જરાય ચલિત થવું નહિ. એવું કહેવાય છે કે કલિયુગમાં મનુષ્ય એટલો બધો નિર્બળ છે કે એના બધા માનસિક પાપની ક્ષમા મળી જાય છે. માત્ર પોતે જે આચરે છે તેનાં પરિણામો તેને ભોગવવાં પડે છે, પોતે વિચારે છે તેના નહિ - કેમ કે તે સિવાય આ કલિકાળમાં મુક્તિની - મોક્ષની કોઈ તક રહે નહિ.

**પ્રશ્ન :** એમ કહેવાય છે કે જેનું મૃત્યુ કાશીમાં અથવા કોઈ બીજા પવિત્ર સ્થાનમાં થાય તેને આપોઆપ મોક્ષ મળે છે. શું આ સાચી વાત છે ?

**માતાજી :** એક માણસે કેટલાંક દુષ્કર્મો કર્યાં હતાં પરંતુ એનું જ્યાં મૃત્યુ થયું તે સ્થાન નીચે શાલિગ્રામ હોવાથી યમદૂતોની શક્તિએ તેના પર કામ ન કર્યું, અને તેને બદલે તેને વિષ્ણુના દૂતો દ્વારા લઈ જવામાં આવ્યો.

❑ ◆ ❑

**કનખલ :** એપ્રિલ ૯, ૧૯૬૧

જો બધું જ વિધાતાના નિયમ પ્રમાણે થતું હોય તો પછી ડૉક્ટરને બોલાવવાનો અને દવા કરાવવાનો શો અર્થ હોઈ શકે? એવું એક જાણીતા ઉદ્યોગપતિએ પૂછ્યું.

**માતાજી :** ડૉક્ટરની સલાહ લેવી અને તે પ્રમાણે દવા કરવી તે પણ તમારા ભાગ્યમાં લખાયેલું હોય છે. સાજા થવાનું તમારા ભાગ્યમાં નહિ હોય તો ડૉક્ટર પણ કશું કરી શકશે નહિ. પરંતુ તમારે જો સાજા થવાનું હશે તો યોગ્ય ઔષધ અપાશે અને તમે સાજા થઈ જશો.

**પ્રશ્ન :** ધારો કે કોઈને ભગવાનમાં પૂરેપૂરી શ્રદ્ધા હોય અને બધું એમના પર જ છોડી દે અને ડૉક્ટરને ન બતાવે તો? તો શું સાજા ન થઈ શકાય?

**માતાજી :** બે રસ્તા છે : એક છે ભગવાન જરૂરી હશે તે બધું જ કરશે તેવી શ્રદ્ધા રાખવી અને સાજા થવા માટે એમને પ્રાર્થના કરવી. જો સાચી શ્રદ્ધાની મનોભૂમિકા પ્રાપ્ત થઈ હશે તો તેમાં તમને સાજા કરવાની શક્તિ હશે. બીજી બાજુ, જો શ્રદ્ધા માત્ર ઉપરછલ્લી હશે તો તેનું પરિણામ નહિ મળે.

બીજો માર્ગ છે ભગવાનને કશા માટે પ્રાર્થના ન કરવી પરંતુ બધું એમની ઉપર છોડી દેવું. પછી સાજા થવાય કે ન થવાય તેનાથી પોતાને કોઈ ફેર પડે નહિ.

❑ ◆ ❑

**કનખલ :** એપ્રિલ ૧૦, ૧૯૬૧

આજે એક મધુર સ્વર ધરાવતી સ્ત્રીને ગાવાનું કહેવામાં આવ્યું. તેણે શ્રી રામનું એક સ્તવન ગાયું અને પછી ચૂપ થઈ ગઈ. માતાજીએ જ્યારે તેને બીજું ગીત ગાવાનું કહ્યું ત્યારે તેણે જવાબ આપ્યો, ''માતાજી, આ માખીઓ મને બહુ પરેશાન કરે છે.

**માતાજી :** જે 'હું' અને 'મને' છે એ જ પરેશાન થાય છે. માખીઓને પણ થોડી મજા લેવા દો !

❑ ◆ ❑

આજે શ્રી હરિબાબાજી મહારાજે અમને વાત કરી કે માતાજીએ એક વખત તેમને નમસ્કારનો સાચો અર્થ સમજાવ્યો હતો. એનો અર્થ છે ઇષ્ટ અથવા પરમાત્માના શરણમાં પોતાની સમગ્ર પ્રકૃતિ સહિત, પોતાની પ્રકૃતિમાંના સર્વ શુભાશુભ સહિત, પોતાની જાતનું સમર્પણ કરવું, પોતાના ગુણો, અવગુણો, ક્ષમતાઓ, પ્રતિભા, ઊણપો, સઘળું; પોતાના સમગ્ર અસ્તિત્વને પરમાત્માને ચરણે ધરી દેવું. એમના સંસ્પર્શથી વિશુદ્ધ થયેલા, પાછા મળેલા અસ્તિત્વને એમના પ્રસાદ તરીકે સ્વીકારવું.

હરિબાબાજીએ કહ્યું કે, ''મંદિર કે એવા કોઈ પવિત્ર સ્થળે પ્રવેશતાં પહેલાં પગ ધોવાની પ્રથા પોતાનાં પાપ ધોવાની ક્રિયાનું પ્રતીક છે.'' આ સાંભળીને મને થયું કે માતાજીનાં દર્શને આવેલા લોકોનાં જૂતાં-ચંપલ ખોવાઈ જાય છે તેનું પણ આવું કંઈક મહત્ત્વ હશે. મને લાગે છે કે આપણે આપણાં પગરખાં આવા પ્રસંગે ખોવાઈ જાય તે બદલ બબડાટ કરવાને બદલે આભાર માનવો જોઈએ.

❑ ◆ ❑

દરરોજ સાંજે હરિબાબાજી મહારાજ એક એક ભક્તની વાર્તા કહે. એક સાંજે માતાજી કહે, ''આજે આ શરીર તમને પોતે ક્યાંક સાંભળેલી એક ભક્તની વાર્તા કહેશે.''

''શ્રી રામચન્દ્ર ભગવાન વનમાં રહેતા હતા ત્યારે એક દિવસ સરોવરમાં પાણી પીવા ગયા. પોતાના ધનુષ-બાણ સરોવરને કિનારે મૂક્યાં, બાણ ધરતી પર સીધું રહે એમ ખોડી દીધું. આવીને જ્યારે બાણ બહાર કાઢ્યું ત્યારે એમણે જોયું કે એક દેડકો એનાથી વિંધાઈ ગયો હતો, તેમણે કહ્યું, ''અરે, મેં તને આટલી બધી ઇજા પહોંચાડી તો ય તે કોઈ ફરિયાદ ન કરી?'' ''મારે તો રામનું શરણ છે'', તેણે કહ્યું, ''તેથી રામ પોતે જો મને પોતાના બાણથી વીંધી નાખે તો હું કોને ફરિયાદ કરવા જાઉં?''

બીજે દિવસે આ વાર્તાનો સંદર્ભ આપીને કોઈએ પૂછ્યું : ''માતાજી, રામ તો સર્વજ્ઞ છે એમ કહેવાય છે, તો એમને ખબર તો હશે જ કે

એમણે એ દેડકાને ઘાયલ કર્યો છે. તો પછી એમણે એવું શા માટે કર્યું અને પછી તેને શા માટે એમણે પૂછ્યું?''

માતાજી : એ તો એમની લીલા. જે રીતે રાવણ દ્વારા હરણ કરાયેલી સીતાની વિકળ થઈને શોધ કરવી એ પણ એમની લીલા હતી. વળી એમણે જો પૂછ્યું ન હોત તો દેડકાએ આવો સરસ ઉત્તર કઈ રીતે આપ્યો હોત?

❑ ◆ ❑

**પૂના :** જુલાઈ ૩, ૧૯૬૧

એક સંન્યાસીએ પૂછ્યું : ''પરમાત્મા સર્વજ્ઞ, સર્વશક્તિમાન અને પ્રેમસ્વરૂપ છે. એમ કહેવાય છે, તો પછી એની સર્જેલી સૃષ્ટિમાં આટલું બધું દુઃખ, આટલી બધી વ્યથા શા માટે છે? જો એ સર્વજ્ઞ હોય અને પ્રેમસ્વરૂપ હોય પરંતુ સર્વશક્તિમાન ન હોય, તો તો સમજી શકાય, જો એ સર્વજ્ઞ અને સર્વશક્તિમાન હોય પરંતુ પ્રેમસ્વરૂપ ન હોય તો પણ સમજી શકાય; એમનામાં આ ત્રણે ગુણો હોવા છતાં પણ દુનિયામાં આટઆટલું દુઃખ રહેવા દે એવું કઈ રીતે બને?''

**માતાજી :** દરેકને પોતાનાં કર્મોનાં ફળ ભોગવવાં જ પડે છે. સહન કરવું તે તમારા પોતાના ભલા માટે છે. માતા પોતાના વહાલા બાળકને તમાચો મારે તે તેના કલ્યાણ માટે, તેને યોગ્ય માર્ગ પર રાખવા માટે. તમે જેને કષ્ટ વેઠવું, સહન કરવું કહો છો એ દ્વારા પરમાત્મા તમારા જન્મજન્માન્તરોનાં કર્મોની અસરોમાંથી તમારી શુદ્ધિ કરે છે. વાત્સલ્યમયી માતા નાનકડા બાળકને નવરાવે ત્યારે બાળક ખૂબ બૂમાબૂમ કરે છતાં માતા એને બરાબર ચોળી ચોળીને સાફસુથરું કર્યા વગર છોડે નહિ. પછી તેને કાળજીપૂર્વક લૂછીને સાફ કરે, આંસુ લૂછે અને પોતાના ખોળામાં બેસાડે.

એ જ રીતે જ્યારે શુદ્ધ થઈ જશો ત્યારે ભગવાન તમને આશ્વસ્ત કરશે અને પોતાને ખોળે લેશે. જે કંઈ આ જગતમાં બને છે તે એમની લીલા છે.

**સંન્યાસી :** આવા દુઃખમાં એને ગમવાનું શું હોય? તો પછી એનો પ્રેમ ક્યાં ગયો?

**માતાજી :** વ્હાલ કરે છે એ કોણ અને કષ્ટ વેઠે છે એ કોણ? એ પોતે જ પોતાની સાથે ખેલે છે; એમના સિવાય બીજું છે કોણ? જીવ દ્વૈતભાવ અનુભવે છે માટે એ દુઃખી થાય છે. દુનિયાનો અર્થ થાય છે દુ-નિયા-બેમાં વહેંચાયેલી. બધાં દુઃખ દર્દનું મૂળ આ દ્વૈતભાવ છે. સર્વમાં સર્વત્ર 'તે એક'નાં દર્શન કરો તો દુઃખ અને કષ્ટનો અંત આવી જશે.

❑ ◆ ❑

**પૂના :** જુલાઈ ૫, ૧૯૬૧

કેટલાય દિવસથી સતત વરસાદ પડ્યા કરે છે. આજે સવારે માતાજી આ વિષે વાત કરતાં હતાં અને લોકોને 'એમના' સુધી પહોંચવા માટે આટઆટલાં કષ્ટો વેઠવાં પડે છે એવો ભાવ વ્યક્ત કરતાં હતાં. પછી એમણે કહ્યું, ''સતત હેલી વરસે છે. જો આ જ રીતે બધાની ભક્તિની હેલી વરસે તો કેવી અદ્‌ભુત વાત બને ! કહેવાય છે કે ભગવાનના પ્રેમ અને ભક્તિના ભાવમાં ભીંજવા માટે વર્ષાઋતુ અનુકૂળ છે. આ રીતે પ્રકૃતિ પણ સાધનામાં અનુકૂળ થઈ શકે છે. એમના માટે ભક્તિભાવની ધારા આ વર્ષાની હેલીની જેમ જ અનવરત વરસવા દો.''

**પ્રશ્ન :** ભગવાન બધાને આટલું બધું દુઃખ કેમ વેઠવાં દે છે? અહીં એકત્રિત થયેલા એકેએકને પૂછો : કોઈ સંપૂર્ણ સુખી નથી અને છતાં બધાંને સુખી થવું છે.

**માતાજી :** ભગવાન તમને શીખવે છે કે બે સંભાવના છે. જો સંસારના સુખની કામના કરશો તો દુઃખી થશો, પરંતુ પરમાત્મા પ્રત્યે અભિમુખ થશો તો તમને સુખશાન્તિ મળશે. દુઃખ દઈને તેઓ તમને પોતાના પ્રત્યે અભિમુખ કરે છે. જો તમને દુઃખ-કષ્ટ ન પડે તો તમે એમનો વિચાર પણ ન કરો.

**પ્રશ્ન :** ભગવાન આપણને પોતાના ભણી ખેંચી કેમ લેતા નથી?

**માતાજી** : ખરેખર ખેંચી જ લે છે ! એમની કૃપાથી તો તમે એમને યાદ કરો છો. પરંતુ તમે એકમાં ચિત્ત પરોવી શકતા નથી, તમે જાતજાતના પદાર્થો માટે ફાંફા મારો છો અને તેથી દુઃખીના દુઃખી રહો છો. એક કથાના ઉદાહરણથી તમારી સ્થિતિ ખરેખર કેવી છે તે સ્પષ્ટ થાય છે.

એક ધોબી હતો. એણે પોતાની ધોણનાં કપડાં ઊચકવા માટે કેટલાક ગધેડા રાખ્યા હતા. એ પોતે ગરીબ હતો અને એનું ઘર નાનું હતું એટલે એ ગધેડાને રાત્રે બહાર રાખતો. એ બધા રાત્રે ઘણીવાર દૂર દૂર રખડવા જતા રહેતા, અને એ બધાને શોધવામાં એના કલાકો બગડતા. બધાને બાંધી રાખવા માટે જોઈએ એટલું દોરડું તેની પાસે હતું નહિ એટલે એણે આ રોજની ઝંઝટમાંથી બચવા માટે એક યુક્તિ શોધી કાઢી. રોજ રાત્રે એ દરેક ગધેડાના ચાર ચાર પગે દોરડું અડકાડતો. ગધેડા પગે દોરડું અડકવાથી એમ માની લેતા કે માલિકે તેમને બાંધી દીધા છે. તેથી એ સ્થળેથી જરાય આઘાપાછા થતા નહિ, આખી રાત ત્યાં ને ત્યાં જ ઊભા રહેતા. સંસારમાં આવું જ બને છે. તમને માયાનો સ્પર્શ થાય છે અને તમે માની લો છો કે તમે બંધાયેલા છો. તમે વિચારો છો, 'હું મારા પતિ વિના કે મારી પત્ની વિના, મારા છોકરા વિના, મારાં મા-બાપ વિના, આ બધી સુખી સગવડો વિના, મારા ઘર વિના કેવી રીતે રહી શકું?' આમ તમે પરમાત્મા પ્રતિ ગતિ કરવાને બદલે હતા ત્યાંના ત્યાં સ્થગિત થઈને ઊભા રહી જાઓ છો?

❑ ◆ ❑

**વૃન્દાવન** : જાન્યુઆરી ૨૦, ૧૯૬૨

ચાર દિવસ પહેલાં બે અમેરિકન સ્ત્રીઓ આવી. તેમાંથી એકે ગયે શિયાળે આવીને માતાજી જ્યાં જાય ત્યાં સાથે સાથે ફરવામાં ત્રણ મહિના ગાળ્યા હતા. આ વર્ષે એ સાથે પોતાની સખીને લાવ્યાં છે : એમણે એક વર્ષ પહેલાં જ પોતાના બાવન વર્ષની ઉંમરના પ્રતિષ્ઠિત ડોક્ટર પતિને ગુમાવ્યા. એમણે અમને પતિ અને સંતાનોના ફોટા બતાવ્યા અને પોતાને

નસીબે આ ભયંકર ફટકો નહોતો માર્યો ત્યાં સુધી પોતે કેવી સુખી જિંદગી ગાળી, જે જોઈએ તે બધું જ કેવું મળેલું હતું, તે એક ક્ષણમાં કેવું છીનવાઈ ગયું, તેની વાત કરી. હવે પોતાને કેવું સૂનું સૂનું લાગે છે અને પતિને બદલે પોતે જતી રહી હોત તો સારું હતું એમ થાય છે એમ કહ્યું. પછી જરા વિચારીને કહે "જ્યારે આપણે સંપૂર્ણપણે સુખી હોઈએ ત્યારે આપણે કશાની શોધ કરતા નથી. અમે ભગવાનમાં માનતાં હતા અને ચર્ચમાં જતાં હતાં છતાં અમે ધર્મના ગહન તત્ત્વ પ્રત્યે અભિમુખ હતા એવું હું કહી શકતી નથી."

મેં એમને આ ફોટા માતાજીને બતાવવાનું કહ્યું. ડૉક્ટરના ફોટા જોઈને મા કહે; "આને તો હું સારી રીતે ઓળખતી હોઉં એમ લાગે છે." આ વાત તે વિધવાને સ્પર્શી ગઈ.

માતાજી કેટલાંક ગુજરાતી મુલાકાતીઓ સાથે વાત કરતાં હતાં. પછી પોતાની મેળે જ પેલી અમેરિકન બહેન પ્રત્યે વળીને કહે "આપણે પરમાત્માનાં સંતાનો છીએ એ હંમેશાં યાદ રાખો, અને તેથી એમનું ચિંતન-મનન અને એમનો સાક્ષાત્કાર કરવાનો પ્રયત્ન કરવો એ આપણે માટે કરવા લાયક કામ છે. એ કંઈ આપણને દુઃખ ન દે. એ તો છે પિતા, માતા, બંધુ, સખા, પ્રિયતમ, પતિ, પરંતુ સંસારમાં દુઃખ તો નિશ્ચિતપણે છે જ. આપણું વહાલું કોઈ આપણને છોડીને જાય અને આપણે દુઃખી થઈએ. જ્યાં સુધી આપણે એટલું યાદ રાખીએ કે આપણે પરમાત્માનાં બાળકો છીએ અને એમને મનમાં રાખીએ ત્યાં સુધી આપણે સુખી. એમને ભૂલી જઈએ ત્યારે તેઓ આપણને તેમની યાદ અપાવવા માટે તમાચો મારે, જેમ વાત્સલ્યમયી મા પોતાના બાળકને તેના ભલા માટે તમાચો મારે તેમ."

"દુનિયા-એટલે દો - નિયા (અર્થાત્ બે લઈને) દ્વૈત. દુનિયામાં દ્વંદ્વો છે - સુખ અને દુઃખ વારાફરતી આવે છે. ઈશ્વરને શોધ્યા વિના શાશ્વત સુખ-શાંતિ મળી શકે નહિ. તમારા પતિનો દેહ ભલે નથી પરંતુ તેમનો આત્મા શાશ્વત રીતે તમારા આત્મા સાથે જોડાયેલો છે. એ તમારાથી ભિન્ન નથી. જે રીતે તમે જીર્ણ થયેલાં વસ્ત્રો તજીને નવા ધારણ કરો

છો જ તે જ રીતે આ દેહ એટલા માટે મૃત્યુ પામે છે કે તમે જે અમર છે, શાશ્વત છે તે તત્ત્વનો સાક્ષાત્કાર કરી શકો. તમારા પતિ કંઈ ખરેખર તમને છોડી ગયા નથી, માત્ર તેમનો દેહ જ ગયો છે જેથી તમે તમારી આસક્તિ છોડીને એ આત્માને શોધી શકો જેમાં તમે અને તમારા પતિ બન્ને એક જ છો.''

''રડવું તો માનવજાત માટે સ્વાભાવિક છે. તમે જો દુન્યવી પદાર્થો માટે રડો તો તેના પ્રત્યેની તમારી આસક્તિ વધતી જાય અને અંદર વધુ ને વધુ અશુદ્ધિ જમા થાય, કચરો ભેગો થાય. પરંતુ ભગવાન માટે રડો તો આ બધી અશુદ્ધિ ધોવાઈ જાય. તમારે હંમેશાં યાદ રાખવાનું છે કે તમને બ્રહ્મચર્યનો માર્ગ દર્શાવવા માટે ભગવાને તમારા પતિને લઈ લીધા છે જેથી તમે તમારા પતિના સાચા સ્વરૂપને ઓળખી શકો અને તેઓ અને તમે તો અનાદિ કાળથી હંમેશને માટે એક જ છો તે જાણી શકો.''

''સુખ અને દુઃખ તો મનનાં છે. મન જ્યારે એક તત્ત્વમાં વિલીન થઈ જાય છે ત્યારે તમે સુખ-દુઃખની પેલે પાર પહોંચી જાઓ છો. સાચા અને નિત્ય સુખની શોધ કરવા માટે માણસે ઈશ્વરનું ચિંતન-મનન કરવું ઘટે. જે સુખ કશાક પર આધારિત હોય, પછી તે કોઈ વ્યક્તિ હોય, ધન હોય, સુખ-સગવડ વગેરે ગમે તે હોય, તે સુખ લાંબું ટકે નહિ. આપણને જે સુખ સગવડોની ટેવ હોય તે ન મળે તો આપણે દુઃખી થઈ જઈએ. પરંતુ જે કંઈ આવે તેને ખુશીથી સ્વીકારી લઈએ તો આપણે હંમેશાં ચેનથી રહી શકીએ.''

❑ ◆ ❑

**વૃન્દાવન :** જાન્યુઆરી ૨૫, ૧૯૬૨

હમણાં અમારા સાથે ચાર જર્મનો રહે છે. એ લોકોને અહીં બહુ ગમે છે. આજે સાંજે એમાંના એકે પૂછ્યું, ''આપણે કોઈ ખાસ માગણી લઈને પ્રાર્થના ન કરીએ ત્યારે પ્રાર્થના અને ધ્યાન વચ્ચે કોઈ ભેદ રહે છે કે કેમ, અને રહે તો તે શો છે?

**માતાજી :** પ્રાર્થના કોઈ ને કોઈ કામનાની પૂર્તિ અર્થે થાય છે, પછી ભલે તે કામના ઈશ્વરની સાથે તાદાત્મ્યની હોય, એમની સેવા કરવાની હોય કે એમનો સાક્ષાત્કાર કરવાની હોય. જ્યારે ધ્યાનનો અર્થ છે એમના ચિંતન-મનનમાં લીન થઈ જવું. અહીં કોઈ ઈચ્છા, કામના માટે જગ્યા નથી રહેતી.

**પ્રશ્ન :** આવા ધ્યાન સુધી કઈ રીતે પહોંચાય?

**માતાજી :** એ તો આપોઆપ સહજ થાય. આરંભમાં તમે એમનું સ્મરણ કરતા હો, એમને વિશે વિચારતા હો અને આપોઆપ ધ્યાન થવાનું શરૂ થઈ જાય. જેમ તમે અહીં બેઠા હો અને વણમાગ્યે ઘરની, બાળકોની યાદ આવે, એમના વિચારો આવે અને તમે એમાં મન પરોવ્યા વગર રહી ન શકો, એ જ રીતે, પ્રિયતમનું ચિંતન-મનન-ધ્યાન કુદરતી, સહજ, આપોઆપ થાય છે.

❑ ◆ ❑

**વૃન્દાવન :** જાન્યુઆરી ૨૬, ૧૯૬૨

આજે એ જર્મન બહેને પૂછ્યું; "મેં ધ્યાન પરના એક પુસ્તકમાં વાંચ્યું છે કે જે નવું નવું ધ્યાન કરવાનું શરૂ કરે તેને માટે આરંભમાં ક્રૉસ કે મીણબત્તીનો પ્રકાશ કે એવું કોઇ પ્રતીક અથવા કોઇ નક્કર પદાર્થ પર એકાગ્રતા કરવી સારી છે કેમ કે પરમ પર એકાગ્રતા કરવી મુશ્કેલ છે."

**માતાજી :** એ પુસ્તક શું માત્ર આટલું જ કહે છે? જીસસ ક્રાઇસ્ટ પર એકાગ્રતા શા માટે ન કરવી?

**પ્રશ્નકર્તા :** મારામાં એમ કરવાની હિંમત નથી. ક્રાઇસ્ટ તો કેટલા બધા પવિત્ર છે, ભવ્ય છે. એમનું ધ્યાન કરવાના પ્રયત્નમાં મારી ભૂલ થઇ જાય. એમનું ધ્યાન કરવાની હિંમત કરવા જેટલી શુદ્ધ હું નથી.

**માતાજી :** તમને જે કંઇ દેખાય છે તે તમે જુઓ છો કેમ કે પ્રકાશનું અસ્તિત્વ છે. પ્રકાશ વગર કશું જ જોઇ શકાતું નથી. પ્રકાશ એક જ છે. આપણને માણસ, પશુ, પંખી જે કંઇ દેખાય છે તે એક

જ પ્રકાશ દ્વારા દેખાય છે. બાહ્ય પ્રકાશનું ઉદ્ભવસ્થાન આંતરિક પ્રકાશ છે. અંધજનને પણ આંતરિક પ્રકાશની સભાનતા હોય છે. આત્માનો પ્રકાશ સર્વત્ર છે, સર્વમાં છે. તમે ક્રાઇસ્ટ, કૃષ્ણ, કાલી કે અલ્લાહ ગમે તેને પૂજો, ખરેખર તો તમે એકમાત્ર પ્રકાશ છે તેની જ પૂજા કરો છો. એ પ્રકાશ તમારા પોતાનામાં પણ છે કેમ કે તે સર્વવ્યાપી છે. બધું જ પ્રકાશમાંથી ઉદ્ભવ્યું છે, તત્ત્વતઃ બધું જ પ્રકાશ છે.

**એક ભારતીય નારી :** તમે ઘણીવાર કહો છો કે આપણે સતત પરમાત્માના વિચાર કરવા જોઇએ, તેનામય રહેવું જોઇએ. પરંતુ આમ કરવાનો પ્રયત્ન કરવા જતાં પોતાના ઘરની અંદરનાં રોજબરોજનાં કર્તવ્યોની ઉપેક્ષા થશે. ધારો કે એક છોકરું આવીને કંઇ માગે તો તેને જલદી જલદી કંઇક આપીને પતાવી દઇએ અથવા તો મહેમાનો આવે તો એ લોકો ઇચ્છે તેટલી કાળજી આપણે ન લઇ શકીએ. તો પછી ગૃહસ્થનું જીવન જીવતાં જીવતાં આપણે શું કરવાનું?

**માતાજી :** જો પરમાત્મામાં લીન થઇ ગયાં હો તો દુનિયાની શું ચિંતા? જે થાય તે ભલે થાય, તમે તો ભગવાનમાં મગ્ન છો.

પ્રશ્નકર્તા : પણ મારા ઘરનાં મારો વાંક કાઢે છે. એ બધાં કહે છે કે હું અડધી અહીં હોઉં છું, અડધી ત્યાં હોઉં છું અને તેથી મને ક્યાંય સફળતા મળતી નથી.

**માતાજી :** ના, તમે અડધા 'ત્યાં' નથી હોતાં, અડધાથી ઘણું ઓછું ત્યાં હો છો, અને એટલો અમથો પરમાર્થ સાધતાં સાધતાં તો તમે તમારી વ્યાવહારિક જવાબદારીઓને સરસ રીતે નિભાવી શકો, તમે એમ ને એમ નિભાવતા હો એના કરતાં વધુ સારી રીતે નિભાવી શકો. ધ્યાન માટે કેટલોક સમય અનામત રાખો અને બાકીના સમયમાં ભગવદ્ભાવથી સહુની સેવા કરતાં હો એ રીતે કામ કરો. ક્ષણેક્ષણ પ્રભુમય ચિત્ત રાખશો અને પ્રત્યેકને એમનું સ્વરૂપ માનશો તો તમારું કાર્ય ઉત્તમ રીતે થશે અને તેનાથી પ્રત્યેકને સંતોષ થશે.

જે માણસને ધનનો સંચય કરવો હોય એ પોતાની પાસે થોડું જે કંઇ હોય તે છુપાવી રાખે છે અને જયારે તેનો ધનભંડાર વધતો જાય

ત્યારે પણ તેને છુપાવીને રાખવો પડે છે. એ જ રીતે તમે જે કંઇ આધ્યાત્મિક ઉપલબ્ધિ મેળવી હોય તેને અંતર્ગુહામાં નિહિત રાખો અને બહારથી તમારી જાતને તમારા પરિવારની સેવામાં પરોવાયેલી રાખો. જે કંઇ થોડુંક તમને મળ્યું હોય તેનું પ્રદર્શન કરવાની આવશ્યક્તા નથી.

પરંતુ તમે જયારે પરમાત્મામાં એવા ખોવાઇ જાઓ કે તમારે માટે કામ વગેરે સંભાળવાનું અશક્ય બની જાય ત્યારે પછી કોઇ તમારી ભૂલ નહિ કાઢે, તમારો વાંક નહિ કાઢે. ઊલટું લોકો તમારામાં દિવ્ય સત્ત્વની ઉપસ્થિતિનો અનુભવ કરશે અને તમારી સેવા કરવા તત્પર રહેશે. મહેમાનોની કાળજી ન રખાય તો પણ એ લોકોને વાંધો નહિ હોય કેમ કે એ લોકો તમારા સાન્નિધ્યમાં રહેવાથી જ ખુશ રહેશે. પરંતુ એ અવસ્થા તો અત્યારે તમે જે સ્થિતિ પર છો તેના કરતાં સાવ જુદી હશે. પછી જગતનું અસ્તિત્વ તમારે માટે નહિ હોય.

❑ ◆ ❑

**વૃન્દાવન :** જાન્યુઆરી ૨૮, ૧૯૬૨

એક પ્રશ્નના ઉત્તરમાં માતાજીએ મૃત્યુની ક્ષણે માણસ શું વિચારે છે તેના મહત્ત્વ પ્રત્યે અંગુલિનિર્દેશ કર્યો. જેમ જળો બીજે ચોંટી જવા ન મળે ત્યાં સુધી પોતાની જગ્યા ન છોડે તેમ શરીર પણ મરનારની છેલ્લી ક્ષણો વખતની મનઃસ્થિતિ પ્રમાણે કોઇક નવીન પ્રકારના અસ્તિત્વને વળગે છે. તે ક્ષણે માણસનો પોતાનો મન પર કોઇ કાબૂ હોતો નથી. એ સામાન્ય રીતે જયાં પરોવાઇ રહેતું હશે ત્યાં જ આપોઆપ પરોવાશે. તેથી જ સાજાં સારાં હો ત્યારે ભગવાનનું નામ લેવાની ટેવ પાડવી અનિવાર્ય છે, તેથી જયારે નબળા અને માંદા પડી જવાય ત્યારે આપોઆપ ભગવાનનો વિચાર આવે. આ હકીકતની સમજૂતી આપવા માટે માતાજીએ બે વાર્તાઓ કહી :

''જિંદગી આખી તેલ વેચનારી એક બાઇનો અંતકાળ નજીક આવ્યો. સગાવહાલાં આજુબાજુમાં વીંટળાઇ વળ્યાં અને 'રામનું નામ લે, કૃષ્ણનામ લે' એમ અરજ કરવા લાગ્યાં. પરંતુ એ મરણાસન્ન સ્ત્રી અર્ધી માંડ ભાનમાં

હતી અને શ્રવણશક્તિ નષ્ટ થઇ ગઇ હતી. પુત્ર-પૌત્રાદિના 'ભગવાનનું નામ લો' એવા બરાડા સાંભળીને એની પાસે તેલ માગવા આવતા ભિખારીઓને પોતે જે કહેતી હતી તે જ વાત તેને હોઠે આવી : 'એક ટીપુ ય નહિ આપું, એક બુંદ પણ નહિ' એમ કહીને એ મૃત્યુ પામી.''

''આ ઘટના ખરેખર તમારા વારાણસીના આશ્રમમાં ઘટેલી છે. આશ્રમવાસીઓમાંથી એકનાં વૃદ્ધ માતા પોતાના છેલ્લા દિવસો ગાળવા માટે આશ્રમમાં આવ્યાં હતાં. ખાધાપીધા વગર કે પાણીનું ટીપું સુદ્ધાં લીધા વગર એ વહેલી સવારથી તે બપોર સુધી પૂજા અને જપ કર્યા કરતાં. પછી તે પોતાનું જમવાનું બનાવતાં, જમતાં અને વાસણ ઉટકતાં. સાંજ પડ્યે ફરીથી તે પોતાની સાધનામાં ગૂંથાઇ જતાં''

''થોડા સમય પછી તે માંદાં પડ્યાં અને પથારીવશ થયાં, પરંતુ જપ તો ચાલુ જ હતા. જયારે જયારે કંઇ ખાવા-પીવાનું તેમના માટે લવાય ત્યારે એ નિશાની કરીને સમજાવે કે હજુ જપ પૂરા થયા નથી એટલે કંઇ લઇ શકાશે નહિ. અંતે જપ કરવાની શાસ્ત્રોક્ત સ્થિતિમાં આંગળીઓની મુદ્રા સાથે તેમણે છેલ્લો શ્વાસ લીધો. જે લોકો દેહને સ્મશાને લઇ ગયા તેમણે વાત કરી કે દેહ ભસ્મીભૂત થઇ ગયો અને માત્ર અસ્થિ જ બાકી રહ્યાં ત્યારે પણ તેમનું અસ્થિપિંજર એ જ સ્થિતિમાં રહ્યું હતું. પછી એ લોકોએ હાથને લઇને છાતી પર ગોઠવી દીધા. જે કોઇ ત્યાં હતા એ કહેતા હતા કે એ લોકોએ આ પહેલાં આવું કંઇ કયારેય જોયું નથી.''

❑ ◆ ❑

પછી માતાજી આહાર અને તે લેનારની મનઃસ્થિતિ વચ્ચેના ગાઢ સંબંધ વિષે બોલ્યાં : ''આવો ગાઢ સંબંધ હોવાથી માંસ, માછલી, ઈંડાં, ડુંગળી, લસણ વગેરે તામસિક આહારનો ત્યાગ કરવો એ સાધકને માટે બહુ મહત્ત્વનું છે. સાત્ત્વિક આહાર ન લેવાય તો સાત્ત્વિક મનોવૃત્તિનો વિકાસ થવો મુશ્કેલ છે.''

''પૂજા માટે લોકો ઘણીવાર રેશમી વસ્ત્રો પહેરે છે. માનવ શરીરમાંથી પ્રવાહો હંમેશાં વહી જતા હોય છે અને સતત આદાનપ્રદાન થતું હોય છે. પ્રાર્થના અને ધ્યાન વખતે ચુંબકત્વ વધુ શક્તિશાળી બને છે. કુશાસન

અથવા મૃગચર્મ આ પ્રવાહને સંઘરીને સાચવી રાખે છે. મૃગચર્મ ગૃહસ્થોએ ન વાપરવાનો નિયમ છે. માત્ર બ્રહ્મચારીઓ તે વાપરી શકે છે.''

❑ ◆ ❑

**હરદ્વાર :** માર્ચ ૬, ૧૯૬૨

હમણાં જ પુત્રને ગુમાવી બેઠેલું એક દંપતી કલકત્તાથી આશ્રમમાં આવ્યું. તેઓ બાળકના આવા અકાળ મૃત્યુનો અર્થ શો હોઈ શકે તે જાણવા માગતાં હતાં. માતાજી કહે : ''પોતાના કર્મ પ્રમાણે બધું બન્યા કરે છે. તમારા કર્મમાં એની સેવા કરવાનું લખેલું હતું, એના કર્મમાં સેવા લેવાનું. એ પૂરું થયે ભગવાને એને લઈ લીધો. આ બધી ભગવાનની લીલા છે. કેટલાંક ફૂલો ફળ આપ્યા વગર ખરી જાય છે. એ જ રીતે આ બાળક ભગવાને તમને થોડા સમય માટે સાચવવા આપ્યું હતું. આ દુનિયાની રીત છે. અવસાન પામેલાને ગુમાવવાના, તેમનો વિરહ થવાનો જ.''

**તે પુત્રના પિતા :** ''પણ આ બધી મુશ્કેલીઓ અને કષ્ટો વેઠવાની શક્તિ ક્યાંથી મળે?''

**માતાજી :** ''તે બાળકનો આત્મા અને તમારો પોતાનો આત્મા એક જ છે તે યાદ રાખો. આત્મા જન્મતો પણ નથી અને મૃત્યુ પણ પામતો નથી. તે તો નિત્ય છે, તે હંમેશાં છે જ. દેહ જીર્ણ વસ્ત્રની જેમ ખરી પડે છે. દેહની આસક્તિ ન રહે તે માટે પ્રયત્ન કરો. દેહને માટે ન રડો, માત્ર ભગવાન માટે રડો. એમનું સ્મરણ કરો, એમના પવિત્ર નામનું રટણ કરો, એમનું ચિંતનમનન કરો, નિયમિત ભગવદ્‌ગીતા, રામાયણ વગેરે શાસ્ત્રોનું વાચન કરો અને તમને આશ્વાસન મળશે. તમારો શોક હળવો થશે. જીવનને સમર્પિત કરી દો. ગૃહસ્થાશ્રમ પણ આશ્રમ છે. જે નિત્ય છે, સત્‌ છે તેના પ્રત્યે તમે વળો તે માટે આવા કારમા ઘા તમને પડે છે. છ-છ પુત્રોને ગુમાવી બેઠેલાને ભાગવત વાંચવાથી ઘણું આશ્વાસન મળ્યું હતું.''

❑ ◆ ❑

હમણાંથી વિદેશવાસીઓના ઘણા રસપ્રદ પત્રો આવે છે. એક અમેરિકન દંપતી એ માતાજીને પત્ર લખ્યો છે. એક માતાજી સાથે રહીને પાછા યુ.એસ.એ. ગયેલા ભક્ત પાસેથી એમને માતાજીના ફોટા જોવાનું અને ટેઈપમાં તેમનો અવાજ સાંભળવાનું સદ્‌ભાગ્ય પ્રાપ્ત થયું. માતાજી વિષે વાતો સાંભળવાનો લાભ મળ્યો. તેમના પત્રમાં તેમની ત્રણ પુત્રીઓના ફોટા હતા. ત્રણે બાલિકાઓ પદ્માસન વાળીને ધ્યાનમાં બેઠેલી હતી. તેમાંથી એકને તો માતાજી માટે એટલું બધું આકર્ષણ થયું કે તેણે જાહેર કર્યું કે સાતમા જન્મદિવસની ભેટમાં તેને માતાજી પાસે જઈને એમને મળવા સિવાય બીજી કોઈ ઈચ્છા નથી. મા-બાપ માટે આ ઈચ્છા પૂર્ણ કરવાનું શક્ય ન હોવાથી તેમણે માતાજીને પત્ર દ્વારા વિનંતી કરી કે એ બાલિકાને જન્મદિવસનો સંદેશો મોકલી આપે. એ લોકોએ એમ પણ જણાવ્યું હતું કે આ બાળા આધ્યાત્મિક જીવન માટે વિશેષ યોગ્યતા ધરાવતી હોય એવું લાગતું હતું. તેણે માતાપિતાને કહી દીધું હતું કે પોતે ભગવાન સિવાય કોઈની સાથે લગ્ન નહિ કરે. માતાજીએ આવો ઉત્તર આપ્યો : "મારી સખીઓની છબિ કેટલી સુંદર છે! ધ્યાનમાં મગ્ન. સ્પર્શી જાય એવું દૃશ્ય છે."

"જે ક્ષણે મારી બહેનપણીની અહીં આવવાની ઈચ્છા હતી તે ક્ષણે તે આવી અને પોતાની બહેનપણીને મળી ગઈ. મારી બહેનપણીએ આ ખ્યાલમાં રાખવાનું છે. આ હકીકતનો સાક્ષાત્કાર કરવા માટે મનુષ્ય કેટકેટલી ક્રિયા, વ્રત, જપ, તપ, ધ્યાન વગેરે કરે છે. આ સખી તો સદાસર્વદા પોતાની સખીઓની સાથે જ હોય છે. માણસનું મનુષ્ય તરીકેનું કર્તવ્ય છે પરમાર્થપથના યાત્રી બનવું. જે પરમાત્માને પરણી શકે તેણે મનુષ્ય જન્મનો હેતુ સિદ્ધ કર્યો છે."

થોડા સમય પછી એ દંપતીનો આભારદર્શક પત્ર માતાજી પર આવ્યો. "માતાજીનો સંદેશ સમગ્ર પરિવારને માટે લાભદાયી છે. અમારી દીકરીએ અમને કહ્યું કે એ જન્મદિવસે ધ્યાનમાં માતાજીને સાચેસાચ મળી. એણે જાણે કે આ તો રોજ-બ-રોજની સીધી સાદી ઘટના હોય તે રીતે આ વાત કરી."

❑ ◆ ❑

એક યુરોપિયન સજ્જન માતાજીની સાથે કેટલાક સમયથી પત્રવ્યવહાર કરે છે. તેમના પત્રમાંથી આ અવતરણ :

"...તમે કહો છો, જે તેની ખોજ કરે છે તે તેને પામશે જ, તેમાં રજમાત્ર શંકા નથી અને જે તેને પામે છે તે મૃત્યુથી પર થઇ જાય છે. હે દિવ્ય માતા, જે માણસ ૩૭ વર્ષથી ખોજ કરતો હોય અને હતાશા સિવાય જેને કશું જ ન મળ્યું હોય તેની તીવ્ર વેદનાની તમે કલ્પના કરી શકો છો? હું આ વેદનાની વ્યાકુળતાથી આંસુ સારતાં સારતાં આ પત્ર લખું છું. મારું હૃદય ભાંગી ગયું છે, મારો અંતરાત્મા અગ્નિની જેમ ભડકે બળે છે. હું ધરતી પર આળોટી પડું છું અને મરણની પ્રતીક્ષા કરું છું. મને સમજાતું નથી કે હું નિત્ય આનંદમયીનું ચિંતન શા માટે કરું છું. એ તો મને માત્ર કાગળ પર શબ્દો જ આપી શકે. જે માણસે ૩૭ વર્ષ સુધી ખોજ કરી હોય અને હવે આગળ વધવાની શક્તિ ન રહી હોય તેને શબ્દો કોઇ મદદ આપી શકે નહિ."

**માતાજીનો ઉત્તર :** આ વખતે પણ મા કહે છે : જો કોઇ ખરેખર પરમાત્માની ખોજ કરતું હોય તો તે નક્કી એમને પામશે જ. તમે કહો છો કે તમે ૩૭ વર્ષ સુધી એમની શોધ કરી છે - તો એ શું કંઇ નક્કી કરેલા અમુક નિશ્ચિત સંખ્યાના દિવસોમાં કે મહિનાઓમાં કે વર્ષોમાં હંમેશાં પોતાને પ્રગટ કરે છે? એ તો નિત્ય છે, સર્વદા છે જ, સર્વત્ર છે, સર્વમાં છે - કેવળ તેઓ જ છે. આ સત્યાનુસંધાનના માર્ગ પર પહેલું પગલું એટલે નિરંતર તિતિક્ષા અને અખૂટ ધૈર્યનું તમારામાં પ્રગટ થવું - પછી એ કોઇ પુસ્તકના વાચનમાંથી આવ્યું હોય કે કોઇની વાણીના શ્રવણમાંથી સ્વીકારાયું હોય.

"મારા પિતાજી, (જે પરમાત્માનું નાનકડું બાળ પણ છે), સ્વાભાવિક છે કે થાક અને હતાશા તમને ઘેરી વળે, કેમ કે આ માર્ગ તો અતિ કઠિન છે. જયાં સુધી સીધા સરળ માર્ગ પર ચરણ માંડયાં નથી ત્યાં સુધી તમારા જેવી સ્થિતિ થવી તે સ્વાભાવિક છે. આ પણ આ માર્ગમાં આવતી એક સ્થિતિ છે, અવસ્થા છે. આ નાનકડી બાલિકા કહે છે : મૃત્યુ પર વિજય મેળવવાના માર્ગની યાત્રા કરતાં કરતાં મૃત્યુની પ્રતીક્ષા ન કરશો. તમે અમરત્વની શોધમાં નીકળ્યા છો અને છતાં રાહ જુઓ છો મરણની.

મૃત્યુના મરી જવાની પ્રતીક્ષા કરવી એ બહુ સારું છે. જે સત્યની શોધ કરવા નીકળી પડે છે, સત્યના સાક્ષાત્કાર માટે બહાર પડે છે એણે દૃઢતાપૂર્વક, પૂર્ણ જાગ્રત અવસ્થામાં, શક્તિસભર થઈને ચાલવું ઘટે. હા, આ ''નાની છોકરી'' તો તમને કેવળ થોડા શબ્દો જ મોકલી શકે, પરંતુ જો કોઈ સાચેસાચ આ માર્ગની યાત્રા કરનાર હોય તો આ શબ્દો દ્વારા શબ્દબ્રહ્મના, અક્ષરબ્રહ્મના સાક્ષાત્કારનો માર્ગ શોધી શકાય.''

''પરમાર્થપથના યાત્રીઓએ ગ્રહણશીલ બનવા પ્રયત્ન કરવો. માત્ર જે ક્ષણભંગુર છે, નાશવંત છે તેનો ત્યાગ કરવો ઘટે. તમારી બધી શક્તિથી હતાશાને હટાવી દેવા મથો, પળેપળ આત્માનુસંધાનના ઇચ્છુક બનવા મથો. જે બધાંથી પર છે, છતાં સાથે સાથે બધાં સ્વરૂપોમાં, ગુણોમાં, પ્રાણીમાત્રમાં છે અને છતાં યે સદાકાળ બધાંથી પર છે જે સર્વેસર્વા છે, આત્માનો આત્મા છે તેથી સર્વદા (એમની) ઇચ્છા રાખવી તે યાત્રીનું કર્તવ્ય છે. સઘળી યોગની ક્રિયાઓના મૂળમાં જે આકાંક્ષા પડેલી છે તે જયારે સ્વયં - પ્રકાશિત થાય, ત્યારે તે પરમાત્મા પ્રાપ્ત થાય છે, શોધાઈ જાય છે.''

❑ ◆ ❑

**કિશનપુર :** જૂન ૪, ૧૯૬૨

૧૯૬૨ના ઉનાળામાં માતાજીએ થોડા મહિના કિશનપુર આશ્રમમાં ગાળ્યા. જન્મદિનના ઉત્સવોની પૂર્ણાહુતિ થયા પછી અને મોટાભાગના આગંતુકોનો સમૂહ વિખેરાઈ ગયા પછી, રોજ અગિયારેક વાગે સવારે માતાજી પોતાના ઓરડાની બહાર આવતાં અને શિવાલયના મંડપમાં બેસીને એકાદ કલાક સુધી પ્રશ્નોના ઉત્તરો આપતાં. આ સાવ અનૌપચારિક અને આનંદપ્રદ મુલાકાત થતી. માતાજી ઘણીવાર હસવા-હસાવવાના ''મૂડ'' માં હોય અને સમગ્ર શ્રોતાગણને ખડખડાટ હસાવે એવું બનતું. શરૂઆતમાં તો મોટાભાગના પ્રશ્નો ડૉક્ટર પન્નાલાલ અને પંડિત સુંદરલાલ દ્વારા પૂછાતા હતાં પરંતુ પછી બીજા ઘણા લોકો પણ ચર્ચામાં જોડાવા લાગ્યા.

**પ્રશ્ન :** લોકોને એમ હોય છે કે જેટલું તમારી નજીક ભરાઈને બેસાય એટલું વધુ સારું. તો, જે છેવાડે બેસે છે એને શું આ આગળ

બેસનારાઓ કરતાં ઓછી પ્રાપ્તિ થાય છે?

**માતાજી :** ધારો કે કોઇ આ શરીરની સાવ પાસે બેસે પરંતુ તેના વિચારો એના ઘર કે ઘરના લોકો કે ધંધામાં ભમતા હોય અને બીજું છેલ્લે બેસનારું પ્રભુમાં ચિત્ત પરોવીને તેની ઉપસ્થિતિનો અનુભવ કરતું હોય તો તે પાસે બેસનાર કરતાં ભગવાનની વધુ નજીક છે એમાં શંકા નથી.

**પ્રશ્ન :** પરંતુ પ્રણામનું શું? લોકો માને છે કે પ્રણામ તો આપની સાવ સામે આવીને જ કરવા જોઇએ.

**માતાજી :** પ્રણામ કેવળ ભગવાનને જ થાય, વ્યક્તિને નહિ અને તેથી પ્રણામ ગમે ત્યાં, ગમે ત્યાંથી થાય, કેમ કે ભગવાન તો બધે જ છે.

**પ્રશ્ન :** પ્રણામ કરતી વખતે લોકો કશાક માટે પ્રાર્થના કરતા હોય તો તેની આપને ખબર પડી જાય ખરી?

**માતાજી :** ભગવાનને લોકો શું માગણી કરે છે તેની ખબર ન પડતી હોય તો કોઇ પ્રાર્થના કરે ખરું? એમને તો બધી જાણ હોય જ ને ! પરંતુ તમે જે કંઇ માંગો એ બધું તેઓ તમને આપી ન દે. તમે તમારું બાળક જે માંગે તે બધું જ તેને આપો છો ખરા? બાળકને પોતાને માટે શું સારું ને શું નહિ તેની જાણ હોતી નથી. ભગવાન તમને બધું નથી આપતા. તેઓ તમને તમારા શ્રેય માટે જરૂરી હોય તે આપે છે.

**પ્રશ્ન :** લોકો તમારી પાસે શા માટે આવે છે?

**માતાજી :** (શિવ મંદિર દર્શાવીને) એ લોકો અહીં શિવજીનાં દર્શન કરવા માટે આવે છે. હકીકતે એ બધાં સ્વયં શિવસ્વરૂપ છે. શિવ તો સર્વવ્યાપી છે; પરંતુ જે લોકો એમ માને છે કે તેઓ ખાસ આ મંદિરમાં વસે છે એ અહીં આવીને પૂજા-આરતી કરે છે અને એમ કરવા માટે એમણે સહુએ પાસે તો આવવું જ પડે.

આ નાનકડી બાલિકાને સહુની સેવા કરતાં આવડતું નથી, પરંતુ તેમ છતાં બધાને એ પ્રિય લાગે છે અને એને કારણે બધા બધી જાતની અગવડ પણ વેઠી લે છે. એ લોકો સર્વસ્વ તજી દે છે. કોઇ શ્વેત વસ્ત્ર ધારણ કરે છે તો કોઇ ભગવાં. ઘરબાર બધું જ છોડી દે છે.

**પ્રશ્ન :** ભગવાં ધારણ કરવાથી સાધનામાં કોઇ સહાય થાય ખરી? મેં આ પ્રશ્ન એકવાર સ્વામી શારદાનંદજીને પૂછ્યો તો કહે : 'એનાથી અન્ન મળી રહે.' બસ, એટલું જ?

**માતાજી :** એમણે જો આમ કહ્યું હોય તો એમ, હું એમના કથનનો વિરોધ નહિ કરું. પરંતુ ભગવાં પહેરવાથી પોતાના સાચા કર્તવ્યનો સદાય ખ્યાલ રહે છે અને તે હેતુસર એ લોકો ભગવાં પહેરે છે.

**પ્રશ્ન :** પણ એમને આ સંન્યાસીનો રંગ પહેરવાનું તો ગુરુ જ કહે ને ?

**માતાજી :** જો ગુરુ તેમ કહેતા હોય તો પણ એટલા માટે કે તેનાથી સહાય અવશ્ય થાય છે. જે તેમાં માને તેને માટે તે પણ એક સહાયક સાધન છે અને બીજા કેટલાકને વળી બધા ય રંગો સાવ સરખા, પછી શ્વેત હોય, લાલ હોય કે શ્યામ રંગ હોય. સંન્યાસીનો ભગવો અંચળો ભભૂકતી અગ્નિની જવાળા જેવો છે. પોતે રજસ્ - લોભ, વાસના, ક્રોધ વગેરે - ને બાળીને ભસ્મ કર્યું છે એ વાતની એ રંગ એને યાદ આપે છે, પોતે સતત અગ્નિની જવાળાઓથી વીંટળાયેલો છે, સતત સ્મશાનવાસી છે એ વાતનું એને સ્મરણ કરાવે છે. મસ્તકનું મુંડન કરાવવાનું પણ એ જ કારણ છે, કેમ કે અગ્નિ-પ્રવેશ કરતાંવેંત જ પહેલાં વાળ બળીને ભસ્મ થાય છે.

પરંતુ મનુષ્ય રંગની પેલે પાર પહોંચી ગયો હોય એવી પણ એક સ્થિતિ, એક અવસ્થા હોય છે, કેમ કે રંગ તો આ વ્યાવહારિક જગતનો એક ભાગ છે. આવી અવસ્થાએ પહોંચેલાને માટે પોતે કેવા રંગનું વસ્ત્ર ધારણ કર્યું છે એ જરાય મહત્ત્વનું નથી; પણ જયાં સુધી વાતાવરણની અસર પોતાના પર થતી હોય ત્યાં સુધી સંન્યાસીનો વેશ સ્વીકારવાથી સહાય થાય છે.

**પ્રશ્ન :** સંન્યાસીને માટે સંસાર તો મરી ગયેલો છે. તો પછી એને માટે સમાજમાં રહેવું શું યોગ્ય છે?

**માતાજી :** હા, ચોક્કસ. આ દુનિયા સતત મરણશીલ નથી તો બીજું છે શું? એક બાળક મરીને તેમાંથી કિશોર નથી થતો? અને કિશોરના

મરણમાંથી યુવાન અને આમ જ ચાલ્યા કરે છે. લોકોને આ સત્યની સતત યાદ આપવા માટે, જેણે સંસારના સાચા સ્વભાવને પારખીને તે કારણે જ તેનો ત્યાગ કર્યો છે એવા સંન્યાસીએ સમાજમાં રહેવું જોઇએ.

❑ ◆ ❑

**કિશનપુર :** ઉનાળો, ૧૯૬૨

ક્યારેક ક્યારેક આશ્રમવાસીઓને પ્રશ્નો પૂછવાની અને પોતાના મનને મૂંઝવતી સમસ્યાઓને વાચા આપવાની તક મળી જતી.

જૂન ૧૭, ૧૯૬૨

**એક સાધક :** ભગવત્ ચિંતન એટલે ખરેખર શું? મેં ભગવાનને જોયા નથી અને એમને જાણતો પણ નથી તો હું એમનો વિચાર, એમનું ચિંતન કઇ રીતે કરી શકું?

**માતાજી :** ક્યારેક તમે ક્યારે ય ન જોયું હોય એવું કંઇક ખરીદવા માગતા હો છો, ત્યારે તમે ન જોયું હોવા છતાં તેના પર વિચાર કરો છો, બજારમાં જાઓ છો અને અંતે લઇ આવો છો.

અત્યારે તમારી સ્થિતિ શ્રદ્ધાની છે, તમને જે કહેવામાં આવે તેના સ્વીકારની છે. તમને મંત્ર આવડે છે, તમે ગુરુને ઓળખો છો. મંત્ર એ પરમાત્મા છે અને ગુરુ એ પરમાત્મા છે. હકીકતે પરમાત્મા સિવાય કાંઇ છે જ નહિ. ગમે તેમ હોય, તમે ગુરુને તો સ્વીકારો છો, માટે ગુરુનું ધ્યાન ધરો.

**પ્રશ્ન :** પણ હું ગુરુને ઓળખતો નથી, હું તો માત્ર એમના દેહને જોઉં છું.

**માતાજી :** કંઇ વાંધો નહિ. તમે એમના અંગે જે કંઇ જાણતા હો, તેના પર એકાગ્રતા કરો, મંત્ર પર એકાગ્ર થાઓ અને ગુરુના આદેશનું પાલન કરો. મંત્ર તે બીજ છે : બીજ મળ્યું છે તેમાં અવ્યક્તરૂપે સમગ્ર વૃક્ષ સમાયેલું છે. તમારે તો ઉત્તમ ભૂમિમાં બીજ વાવીને એની બરાબર સંભાળ રાખવાની છે. જ્યારે તમને ગુરુ મળી જાય અને એમની શિક્ષા-

દીક્ષા પ્રાપ્ત થાય ત્યારે તમને બધું જ મળી જાય છે, જેમ બીજમાં વૃક્ષ હોય છે તેમ.

જૂન ૧૮, ૧૯૬૨

**એક સાધક :** સાધના તીવ્ર કઇ રીતે બને?

**માતાજી :** એક લક્ષ્ય રાખવાથી. તીવ્રનો અર્થ છે તીરને લક્ષ્ય પ્રતિ મોકલવું: 'તીર કા વૃત્તિ હોના, એકાગ્રતાપૂર્વક લક્ષ્યનું નિશાન તાકવું, કેવળ લક્ષ્યનું નિશાન તાકવું.'

તે પછી સાધના કેમ કરવી તે અંગે માતાજીએ વિશદતાપૂર્વક વાત કરી. કીર્તન કરવું, પવિત્ર શાસ્ત્રગ્રંથોમાંથી પાઠ કરવો અને પૂજા કરવી, એ બધું સારું જ છે એ બાબતનો એમણે અંગુલીનિર્દેશ કર્યો. તેમ છતાં જો આવું કરતાં કરતાં સાંભળનારાઓની વાહવાહ, પ્રશંસા અને પ્રતિષ્ઠા મળે અને તેમાં મજા પડવા માંડે તો એ પોતાના વિકાસમાં બાધક બને, સાધનાની ગતિ ખંડિત થાય, સાધનાના પ્રવાહમાં વ્યવધાન આવે. ધારો કે કોઇ એમ કહે : ''તમે કેટલું સુંદર ગાયું ! મને તમારાં ગીતની કોપી કરવા દો.'' પછી એ તમારું સરનામું માગે, પત્રવ્યવહાર થાય અને એ તમને ભેટ-સોગાદ મોકલવા માંડે. આ સાધના ન કહેવાય પણ સંસારનાં સુખોનો ઉપભોગ કહેવાય.''

**બીજો સાધક :** તો પછી અમારે કીર્તન ગાવાનું બંધ કરવું જોઇએ?

**માતાજી :** જેટલું ગવાય તેટલું ગાઓ પણ માત્ર ભગવાન માટે ગાઓ. એમની સ્તુતિ ગાઓ, એમનામાં તન્મય થઇ જાઓ, પણ કેવળ એમને માટે ગાઓ. લોકો તમારાં નિંદા-સ્તુતિ - ઉપેક્ષા જે કંઇ કરે તે પ્રત્યે ઉદાસીન ભાવ રાખો, તેના પ્રત્યે ધ્યાન ન આપો.

તમારી સાધના-પદ્ધતિ ગાડામાં બેસીને પ્રવાસ કરવા જેવી છે અને માર્ગ ઉપર એવા તો પાર વિનાનાં ગાડાં ચાલ્યાં જાય છે. ક્યારેક ગાડું હાંકનારો ઊંઘી જાય છે, બળદો ખોટા રસ્તે ચઢી જાય છે અને જાગ્યા પછી પાછા પગલાં ભરવાં પડે છે. તેથી સદા જાગતા રહો, સચેત રહો, સાવધાન !''

**બીજું કોઇ :** ધારો કે હું ટિકિટ ખરીદી લઉં અને રેલગાડીમાં મુસાફરી કરું તો તો પછી મારે જરા જેટલી પણ ચિંતા કરવાની જરૂર નહિ ને?

**માતાજી :** તો ડ્રાઇવરે સાવધાન રહેવું પડે, પણ તમારે પણ સચેત રહેવું પડે. તમને માર્ગમાં નિદ્રા આવે તો કદાચ તમે તમારું લક્ષ્ય ચૂકી જાઓ, ગાડીમાં જ લાંબો સમય બેસી રહો તેવું બને.

❑ ◆ ❑

**કિશનપુર :** જૂન ૨૫, ૧૯૬૨

**પ્રશ્ન :** ગુરુના આશ્રમમાં નિવાસ કરનારને માટે ગુરુસેવા વધુ સારી કે જપ-ધ્યાન?

**માતાજી :** ગુરુ જે કરવાનું કહે તે ઉત્તમ.

**પ્રશ્ન :** પણ ગુરુ તો આ બાબતમાં કંઇ કહેતા જ નથી.

**માતાજી :** તો એ ગુરુ નથી.

ગુરુસેવા કરવી એ પ્રત્યેકને માટે શક્ય નથી. એને માટે વિશેષ શક્તિની આવશ્યકતા હોય છે. ધારો કે તમે ગુરુનું પોતાનું કામ થોડા સમય માટે કરો અને પછી બીજા કોઇને એ કામ સોંપાય અને એ જરા જુદી રીતે કરે અને એનાથી અકળાઇ જાઓ, ચિડાઇ જાઓ તો તે સેવા ન કહેવાય. ખરેખર તો તમને એમ થવું જોઇએ કે મારા પ્રિયતમની પોતાની રીતે સેવા કરવાનો શુભ અવસર કોઇ બીજાને પણ મળ્યો છે.

યાદ રાખો કે ગમે તેની સેવા કરતા હો તે અંતે તે તે રૂપમાં જનાર્દનની સેવા છે. કેટલા લોકો આશ્રમમાં આવે છે અને આવી ભાવના રાખીને, તે સહુની સેવા કરવાની તકનો કોઇ અંત નથી. એમાંથી કેટલાક હીન વૃત્તિ ધરાવતા હોય, ખરાબ હોય, તો પણ એ બધા દેવમંદિરે આવનારા છે. આ કારણે તેમની તમારાથી બનતી સેવા કરો, પછી ભલે એ લોકો આશ્રમમાંથી બહાર જઇને આવી વૃત્તિ ન રાખે. આ ક્ષણે જે શુદ્ધ ભાવના લઇને આવ્યા છે, તે ભાવનાની સેવા કરો. તમે તેમને અન્ન આપો કે

જળ, તેમના ઉતારામાં કચરો વાળો કે બીજું કંઇ પણ કામ કરો તે મનુષ્યરૂપે ભગવાનની સેવા જ છે. આમ આશ્રમમાં તો સેવા કરવાની જોઇએ એટલી તકો હોય છે.

ગુરુની આજ્ઞાનું અક્ષરશઃ પાલન કરો. તેઓ તમને જે કંઇ કરવાનું કહે તે કરવાનો પ્રયત્ન કરો. એ કરવાનું મુશ્કેલ હોય, અણગમતું હોય તો તેને તપસ્યા તરીકે સ્વીકારો. જયાં સુધી અહંગ્રન્થિનું બંધન છે ત્યાં સુધી સંપૂર્ણ શ્રદ્ધા અશકય છે છતાં પણ ગુરુની આજ્ઞાનું પાલન કરવા માટે પૂરેપૂરી નિષ્ઠાથી પ્રયત્ન કરો. તમે જો સતત ધ્યાનમાં રહેવાની ક્ષમતા ધરાવતા હશો તો તો કોઇ સ્વપ્ને ય તમારી પાસેથી સેવાની અપેક્ષા નહિ રાખે. પરંતુ તમે જો કેટલોક સમય આમતેમ આંટાફેરામાં વિતાવતા હો તો તમારે કોઇક પ્રકારની સેવા કરવી જોઇએ.

**પ્રશ્ન** : મંત્ર-ચૈતન્ય એટલે શું?

**માતાજી** : મંત્રચૈતન્ય એટલે મંત્રનું જીવંત સ્વરૂપ ધારણ કરવું, એટલે કે મંત્ર જેનું પ્રતિનિધિત્વ કરે છે એમનું પોતાનું પ્રગટ થવું. ગુરુ દ્વારા બીજ વવાય, પરંતુ જો ધરતી બરાબર ખેડીને ખાતર પાણી નાખીને તૈયાર કરેલી ન હોય તો તેમાં વૃક્ષ ઊગશે નહિ. સામાન્ય બીજની માવજત ન રખાઇ હોય તો બીજ મરી જાય. પરંતુ ગુરુએ વાવેલું બીજ તો અમર છે. છતાં પણ જમીનને ખોદીને પોચી કરીએ તો એ બીજને સ્વીકારી શકે તેવી બને, પછી પથ્થર, કાંકરા વગેરે વીણીને ધરતી ખેડવી પડે. બીજને પાણી ન પવાય તો તે ઊગીને વિકસી શકે નહિ. ગુરુના આદેશ પ્રમાણેની નિયમિત સાધના કે ક્રિયા બીજના સંવર્ધન માટેનું પોષણ પૂરું પાડે છે.

**પ્રશ્ન** : ચિત્તશુદ્ધિ એટલે શું?

**માતાજી** : જયારે ચિત્ત સાવ ખાલી થઇ જાય અને એકદમ ચોખ્ખા ચકચકિત દર્પણની જેમ આત્માને પ્રતિબિંબિત કરે ત્યારે ચિત્તશુદ્ધિ થઇ કહેવાય.

**પ્રશ્ન** : મૃત્યનો સમય શું પહેલેથી નિશ્ચિત હોય છે?

**માતાજી** : જે સીમામાં પ્રકૃતિના નિયમોનું રાજય છે ત્યાં સુધી

તે નિશ્ચિત હોય છે અને તેમાં કોઇ મીનમેખ નથી. પરંતુ જે આ નિયમોથી પર છે તેવા એક માત્ર ભગવાનની કૃપાવર્ષા કે સંકલ્પશક્તિ દ્વારા તેમાં ફેરફાર થઇ શકે છે. પરંતુ નિયમ તરીકે તો પ્રારબ્ધમાં હોય તે બન્યા કરે છે; કોઇને કોઇ રીતે પ્રારબ્ધ પ્રમાણે કર્મક્ષય થાય છે.

આ હકીકતના ઉદાહરણરૂપે માતાજીએ એક કથા કહી. આ કથા તેઓ વારંવાર કહે છે : ‘‘એક સમયે એક વિદ્વાન બ્રાહ્મણ હતો. એક રાતે તે પોતે તેના પરિવાર સાથે ઊંઘતો હતો ત્યારે એક ઝેરી સાપ ઘરમાં દાખલ થયો અને તેની પત્નીને અને તેનાં પુત્ર-પુત્રીને દંશ માર્યો. થોડી ક્ષણોમાં બધાં મૃત્યુ પામ્યાં. બ્રાહ્મણને સ્વાભાવિક રીતે જ અત્યંત તીવ્ર વ્યથા અને હતાશાનો અનુભવ થયો. હવે શું કરવાનું? એણે સર્પને સરકીને ઘરની બહાર જતો જોયો. એ મરણિયો થઇને તેની પાછળ પાછળ દોડ્યો. થોડે સુધી તેનો પીછો કર્યા પછી સાપને બે ઝગડતા આખલાના રૂપમાં બદલાઇ જતો જોયો. બન્નેએ એકબીજાને મારી નાખ્યા પછી એક સુંદર યુવતી ત્યાં પ્રગટ થઇ. તેને માટે બે પુરુષો લડાવા લાગ્યા. યુદ્ધ થયું અને બન્નેએ એકબીજાને મારી નાખ્યા પછી પેલી રૂપસુંદરી આગળ વધી. અત્યંત દુઃખપૂર્વક અને વિસ્મિત થઇને પેલો બ્રાહ્મણ તેની લગોલગ તેનો પીછો કરવા લાગ્યો. અંતે તેણે પાછળ ફરીને કહ્યું; ‘‘મારી પાછળ શા માટે આવે છે? જતો રહે !’’ ‘‘તમે કોણ છો તે નહિ કહો ત્યાં સુધી હું તમને છોડવાનો નથી. પહેલાં તમે સર્પને રૂપે હતાં અને તમારા વિષાક્ત દંશથી મારા સમગ્ર પરિવારનો વિનાશ થયો. પછી તમે બે આખલાના સ્વરૂપમાં યુદ્ધ કર્યું અને નષ્ટ થઇ ગયા; હવે એક સુંદર કન્યાનું રૂપ ધરીને તમે પેલા બે માણસોના મૃત્યુનું નિમિત્ત બન્યાં. તમે કોણ છો તે મને જણાવો.’’ પેલી યુવતીએ ભાગી જવાનો પ્રયત્ન કર્યો પણ પેલા બ્રાહ્મણે તેને જવા ન જ દીધી. ‘‘પહેલાં તમારી અસલિયતની મને જાણ કરો, પછી તમારે જયાં જવું હોય ત્યાં જજો.’’ અંતે તેને ઉત્તર મળ્યો; ‘‘હું છું વિધાત્રી, નિયતિ, ભાગ્યદેવી. હું કોઇને મારતી નથી પરંતુ પોતાનાં કર્મોના પરિણામે, મનુષ્ય પોતે કોઇને કોઇ રીતે પોતાના મૃત્યુને નિમંત્રણ આપે છે.’’ ‘‘જો એમ જ હોય તો મને કહો કે મારું મોત કઇ રીતે થશે?’’ બ્રાહ્મણે પૂછ્યુ કે તરત જ ‘‘ડૂબી જવાથી.’’ કહીને એ નારી અદૃશ્ય થઇ ગઇ.

‘‘પેલાએ ભાગ્યની સામે લડી લેવાનો નિર્ધાર કર્યો.’’ જો હું પાણીથી

દૂર રહું તો પછી મારું ડૂબી જવાથી મૃત્યુ કેવી રીતે થાય છે તે હું જોઉં છું.'' એણે વિચાર્યું. પત્ની અને સંતાનોના અંતિમ સંસ્કાર કર્યા પછી તેણે ઘર-બાર કાઢી નાખ્યાં અને ઊંચે ઊંચે પહાડોમાં ભમવા માંડયો. શેષ જીવન ત્યાં વિતાવવાનો એણે નિશ્ચય કર્યો.

''એક સાંજે એ રાતના સમયે આશરાની શોધમાં હતો ત્યારે તેણે દૂર એક સુંદર મહાલય જોયું. કોઇ શ્રીમંતનો આવાસ જ આવો હોય, એમ વિચારી તે એ બાજુ જવા લાગ્યો. જયારે ઘરના માલિકે તેને જોયો ત્યારે એણે વિનયપૂર્વક પોતાનું આતિથ્ય ગ્રહણ કરવાનું નિમંત્રણ આપ્યું. બંને વચ્ચે વાર્તાલાપ થતાં પેલા ગૃહસ્થને લાગ્યું કે આ તો વિદ્વાન બ્રાહ્મણ છે. ''હવે ઉપર ચઢી ચઢીને આ પહાડોમાં ક્યાં જશો? આગળ જવાને બદલે મારા ઘરમાં આપ રહો. તમારા જેવા વિદ્વાન અને સંસ્કારી પંડિતથી મારા સમગ્ર પરિવારને લાભ થશે.'' બ્રાહ્મણને પણ આ યજમાન અને તેના પુત્રો ગમી ગયા. તેણે વિચાર્યું; ''કુટુંબ ખાધેપીધે સુખી અને આમ પણ મજાનું લાગે છે. ચારે બાજુ ટેકરીઓ જ ટેકરીઓ છે અને ક્યાંય નજીકમાં જળાશય પણ નથી. આથી વધુ સારું સ્થળ મને ક્યાં મળવાનું હતું?'' અને એ ત્યાં જ રહી ગયો. પુત્રોને અધ્યયન કરાવતાં કરાવતાં એ વર્ષો સુધી ત્યાં જ રહ્યો. પ્રપૌત્રો પણ મોટા થવા લાગ્યા. એ નાનકડા છોકરાઓમાંથી એકને આ વૃદ્ધ પંડિતની બહુ માયા થઇ ગઇ અને તે એમની સાથે બહુ વધારે સમય ગાળવા લાગ્યો.

એક દિવસ એ કુટુંબના વડાએ પેલા વિદ્વાનને કહ્યું : ''અમે સહુ કાશી ગંગાસ્નાન માટે જઇએ છીએ કેમ કે સો વર્ષે એક વાર આવે એવો પવિત્ર દિવસ આવે છે. તમે પણ કૃપા કરી અમારી સાથે આવો.'' બ્રાહ્મણે સાફ ના પાડી. પેલો નાનકડો પૌત્ર રડવા લાગ્યો અને દૃઢતાપૂર્વક કહેવા લાગ્યો કે 'મારા વ્હાલા પંડિતજી વિના હું તો નહિ આવું અને તેમની સાથે ઘરમાં રહીશ.' જયારે યજમાને વારંવાર આ પ્રવાસમાં જોડાવાનો આગ્રહ કર્યો ત્યારે પંડિતે અંતે ન જવાનું કારણ જણાવ્યું. ''ઓહો, બસ, એટલું જ ને !'' યજમાને કહ્યું, ''નિર્ભય બનો. હું તમારા સ્નાન માટે ખાસ જગ્યા બંધાવી દઇશ. સાવ છીછરા પાણી વાળી અને મજબૂત રેલિંગથી વીંટળાયેલી. નાનું છોકરું પણ ડૂબી ન જાય તેવી. ઘણી ચર્ચાને અંતે બ્રાહ્મણ જવા માટે કબૂલ થયો. પેલા યજમાને બોલ્યું પાળી બતાવ્યું. વચન આપ્યા પ્રમાણે

પંડિતને માટે ઘણી અદ્‌ભૂત સગવડ કરી. બ્રાહ્મણે પેલા નાનકડા છોકરાને તેડીને જળમાં પ્રવેશ કર્યો. બાળક મગર બની ગયો અને "હું છું તારું ભાગ્ય" એમ કહીને પેલાને રેલિંગમાંથી ખેંચીને મુખ્ય જલપ્રવાહમાં ઘસડ્યો. આ રીતે ભાગ્યમાં લખેલું હોય તે બનીને જ રહે છે. કર્મ પ્રમાણે પોતાની મૃત્યુતિથિ પૂર્વનિર્ધારિત હોય છે."

**પ્રશ્ન :** ધારો કે કોઇ માણસ ભગવાનનું નામ લેતો લેતો મૃત્યુ પામે તો તેને બીજો જન્મ ન લેવો પડે?

**માતાજી :** એ તો એની પોતાની મનઃસ્થિતિ પર આધારિત છે. એમ પણ બની શકે કે તેનાં બાકી રહેલાં કર્મો તત્ક્ષણ બળીને પૂરાં થઇ જાય. ગુરુકૃપાથી પણ આમ બની શકે.

**પ્રશ્ન :** ગુરુકૃપાથી વાસનાક્ષય થઈ શકે?

**માતાજી :** હા, થઇ શકે. ગુરુકૃપાનું વર્ષણ સતત થયા કરે છે, પણ તમારે તમારી જાત પર કૃપા કરીને કૃપાવર્ષાને તમારા સુધી પહોંચવા દેવી જોઇએ. તમારું પાત્ર ઊંધું થઇ ગયું હશે તો કૃપા તેની આજુબાજુમાં થઇને વહી જશે અને તમે તેને ઝીલી નહિ શકો.

(માતાજીએ એક વખત સમજાવેલું કે પાત્ર ઊંધું હોવું એટલે ઇન્દ્રિયો બહિર્મુખ હોવી. જ્યારે પોતાનું ધ્યાન ભગવાનમાં કે સત્યમાં કે આત્મસાક્ષાત્કારમાં લાગેલું હોય ત્યારે દિવ્ય કૃપાને ઝીલવાની ક્ષમતા આવે છે.)

**પ્રશ્ન :** મેં મા ભગવતીનું શરણું લીધું છે. તેઓ મને એમને હાથે શા માટે તેડી લેતાં નથી?

**માતાજી :** દ્વૈતભાવ રહ્યો છે માટે. તમે તમારી જાતને તેનાથી ભિન્ન માનો છો માટે. થોડુંક અમથું સમર્પણ કરવું પૂરતું નથી - તમારી જાત પર કૃપા કરો.

❑ ◆ ❑

**પ્રશ્ન :** ગઇ કાલે મેં છાપામાં વાચ્યું કે એક વ્યક્તિ મૃત્યુ પામેલી મળી આવી. તેણે એક પત્રમાં એવું લખ્યું છે કે પોતે જેને ચાહતો હતો એ સ્ત્રીનું અવસાન થતાં એ પોતે તેના વિના જીવી શકે એમ ન હોવાથી તેને મળવા માટે થઇને પોતે પણ ત્યાં જાય છે. તો કોઇ શું આત્મહત્યા દ્વારા પોતાના મૃત સ્વજનને મળી શકે?

**માતાજી :** ક્યારેય નહિ ! જે આત્મહત્યા કરે છે તે એવા ગાઢ અંધકારમાં પ્રવેશ કરે છે જેમાંથી છૂટવું બહુ મુશ્કેલ છે, સિવાય કે કોઇ શક્તિ તેની દયા ખાઇને તેને એમાંથી મુક્ત કરે. એ ગાઢ અંધકારની સ્થિતિમાં માણસ કોઇને પણ મળી શકે નહિ. આત્મહત્યા મહાપાપ છે. પોતાના પૂર્વ જન્મોનાં સંચિત કર્મોનાં ફળ ભોગવવા માટે મનુષ્ય જન્મે છે. એમાંથી આત્મહત્યા દ્વારા છટકવાનો પ્રયત્ન કરવો એ નરી મૂર્ખતા છે, એનાથી તમારી પીડા અનિશ્ચિત સમય લંબાઇ શકે. જેનામાં થોડીક પણ બુદ્ધિ હોય એ કદી આત્મહત્યા કરીને પોતાનું જીવન પોતાના જ હાથે નષ્ટ ન કરી શકે; એમ કરવાની ક્ષણે એ પોતાની વિચારવાની ક્ષમતા ગુમાવી બેઠો હોય છે. આત્મહત્યાથી કોઇ સમસ્યાનો ઉકેલ આવતો નથી, ઊલટું એનાથી અનેક જટિલતાઓ ઊભી થાય છે અને તેને કારણે માણસને કર્મમાં લેણાં ચૂકવવામાં વિઘ્ન આવે છે.

**પ્રશ્ન :** અને હત્યા વિષે આપ શું કહો છો?

**માતાજી :** હત્યા કરનારે પોતાના કૃત્યની સજા ભોગવવાની રહેશે, તે નિઃસંશય છે.

**પ્રશ્ન :** ને જેની હત્યા થઇ હોય તે?

**માતાજી :** હત્યા થવી તે દુર્ભાગ્ય છે. પરંતુ તે કોઇ કુકર્મના ફળ રૂપે છે. તે અમંગલ મૃત્યુ છે.

**પ્રશ્ન :** અને સતી વિષે શું?

**માતાજી :** એ તો સાવ... જુદી જ વાત છે. સાચી સતી મન અને

દેહથી સ્થિર હોય છે. જો અગ્નિ-પ્રવેશ કર્યા પછી તેને પીડા થાય તો તેને સતી કહી શકાય નહિ.

થોડા દિવસ પહેલાં એમનાં એક પૂર્વજ સતીમાની વાત માતાજીએ અમને કરી હતી. પતિની ચિતાની સાત વાર પ્રદક્ષિણા કર્યા પછી એમણે પોતાની એક આંગળી દીવાની જ્યોતમાં ધરી જોઇ. જેથી તે દાઝે છે કે નહિ તેનો ખ્યાલ આવે. આંગળી કંપી નહિ. પછી તેણે પોતાના સગાંવહાલાંને કહ્યું કે મારા પગની ટચલી આંગળી અજાણતાં મારા પતિના ઓશિકાને સ્પર્શી ગઇ હતી (જે પાપ ગણાય) તેથી તે પાપની સજા ભોગવવા માટે તે આંગળી દાઝશે અને તેથી અમળાશે પણ તે જોઇને તમે મૂંઝાશો નહિ. પછી તેણે ચિતામાં પ્રવેશ કર્યો ત્યારે તેનું શરીર સ્થિર અને મૃતદેહ જેવું જડ થઇ ગયું. તેને જરાય પીડાનો અનુભવ ન થયો. તે સાવ નિશ્ચલ રહી.

પછી માતાજીએ બીજી એક સતીની વાત કરી. આ વાત એમણે ભોલાનાથ પાસેથી સાંભળી હતી. આ સ્ત્રીને તો અગ્નિમાં કૂદી પડવાની જરૂર ન પડી. ચિતામાં પ્રવેશતાં પહેલાં તેને પ્રણામ કરતાં કરતાં જ તેના દેહમાંથી ચેતન ચાલ્યું ગયું. તેના મૃતદેહને પતિના મૃતદેહની સાથે અગ્નિદાહ દેવામાં આવ્યો.

❑ ◆ ❑

**એક વૃદ્ધ સ્ત્રી :** હું મૃત્યુ પામીશ એવો વિચાર મને ક્યારેય નથી આવતો, એવું શા માટે? ક્યારેક મને બીજા લોકોના મૃત્યુનો વિચાર આવે છે પણ મારા પોતાના મૃત્યુનો નહિ.

**માતાજી :** તમને મૃત્યુનો ભય લાગે છે એટલે તમે તેના વિષે વિચારવાનું ટાળો છો. પરંતુ જોકે એમ પણ ખરું કે તમે મૃત્યુ પામશો એવું તમે માની શકતા નથી કેમ કે ખરેખર તો તમે અમર છો. મૃત્યુ તો કેવળ દેહને છે.

❑ ◆ ❑

**પ્રશ્ન :** એમ કહેવાય છે કે કોઇ જો એમ વિચારે કે અમુક બાબત આમતેમ છે તો તે ખરેખર તેમ છે ને ન વિચારે તો નહિ. ઉદાહરણરૂપે જો હું એમ માનું કે પ્રસાદ આશીર્વાદને લાવે છે તો તેમ બનશે પણ હું જો તેમ નહિ માનું તો તેમ નહિ બને. તો પછી કલ્પના શું છે અને વાસ્તવિકતા શું છે?

**માતાજી :** કલ્પના તો મનની પ્રવૃત્તિ છે. પ્રસાદ હંમેશાં આશીર્વાદનો વાહક હોય છે, તમે માનો કે ન માનો. તમને એક વાર્તા કહું : એક ચોર ભારે વરસાદની હેલીમાં ફસાઇ ગયો. તેણે એક વિષ્ણુ ભગવાનના મંદિરમાં આશરો લીધો. તોફાન શમ્યું નહિ અને તેથી તેને ત્યાં રાત્રિ ગાળવાની ફરજ પડી. સુવાની જગ્યા કોરી કરવા માટે એણે મંદિરમાંથી બધું જ પાણી કાળજીપૂર્વક બહાર કાઢ્યું અને એમ કરતાં મંદિરની સફાઇ કરી. થોડા સમય પછી તેનું મૃત્યુ થયું. યમદૂત તેને લઇ જવા આવ્યો, પરંતુ વિષ્ણુદૂતે વચ્ચે પડીને કહ્યું કે આનો આત્મા અમારે લઇ જવાનો છે કે કેમ કે એણે વિષ્ણુ ભગવાનનું મંદિર સાફ કર્યું છે, છો ને એણે કોનું મંદિર છે તે જોયું પણ ન હોય.

**બીજી કથા :**

એક લપસણા માર્ગ પર એક ઘોડેસવાર જતો હતો. ઘોડો લપસ્યો, પેલો પડી ગયો અને એટલી બધી ઈજા થઇ કે ત્યાં જ તેનું મૃત્યુ થયું. યમદૂત આવ્યો. પેલો જયાં પડી ગયો હતો ત્યાં એક શાલિગ્રામ હતો અને તે એમની ઉપર પડ્યો હતો તેથી વિષ્ણુ ભગવાનના દૂતો આવીને તેના આત્માને લઇ ગયા.

‘‘બન્ને કથાઓ પ્રસાદના પ્રભાવનાં ઉદાહરણો પૂરાં પાડે છે. કોઇ માને કે ન માને તો પણ ભગવાને જેને પવિત્ર કર્યું છે તેના સંપર્કમાં આવવાથી આશીર્વાદ ઊતરી આવે છે. તેથી હું હંમેશાં લોકોને સલાહ આપું છું કે જે કંઇ અન્ન ગ્રહણ કરો તે પહેલાં ભગવાનને અર્પણ કરીને પછી ગ્રહણ કરો. એક પ્રસંગે એક વ્યક્તિએ આવી સલાહના જવાબમાં

કહ્યું; "ભગવાનને માંસ, મચ્છી અને ઈંડાં કઇ રીતે અર્પણ કરવાં? હું તો એવું ખાઉં છું" આ શરીરે કહ્યું; "આ શબ્દોથી ભગવાનને પ્રાર્થના કરો; 'હે ભગવાન ! જુઓ તો ખરા, તમે આ દેહને કેવું કેવું ખવરાવીને પોષણ આપો છો !' પેલી વ્યક્તિએ આ સલાહ અમલમાં મૂકી. થોડા સમય પછી તેણે આવીને કહ્યું કે માંદગીને કારણે ડૉક્ટરે તેને માંસ, મચ્છી અને ઈંડાં ખાવાની મનાઇ ફરમાવી છે. તેથી એ બધું પોતે ફરજિયાત છોડી દીધું છે. આ દર્શાવે છે કે ભગવદાભિમુખ થવાથી કેટલું કલ્યાણ થાય છે. તમે શુદ્ધ થઇ જાઓ તેનું તેઓ પોતે જ ધ્યાન રાખે છે."

❑ ◆ ❑

જાન્યુઆરી, ૧૯૬૩

એક આશ્રમવાસિનીના લખેલા પત્રના ઉત્તરમાં માતાજીએ જે પત્ર લખ્યો તેનો આ અનુવાદ છે :

"કોઈને પણ ઈર્ષ્યા આવે એવું જીવન છે ! ગૃહસ્થજીવનની આધિ, વ્યાધિ અને ઉપાધિથી સર્વથા મુક્ત ! પોતાની જાતને ઘડી ઘડીને સંપૂર્ણ બનાવવાની, ભીતરના સૌંદર્યને પામવાની, આત્માનુસંધાન માટે યોગ્ય બનવાની કેવી અમૂલ્ય તક ! જુદા જુદા સ્થળેથી ભિન્ન ભિન્ન પ્રકૃતિ ધરાવતા ભાતભાતના વાતાવરણમાં મોટા થયેલા લોકોને જ્યારે આમ ભેગા રહેવાનું આવે ત્યારે સહનશક્તિનો વિકાસ થાય છે, તિતિક્ષાની ક્ષમતા વધે છે. બીજાની મર્યાદાઓ પ્રત્યે ધ્યાન ન આપો, પરંતુ તેમનામાં રહેલા ગુણો જોવાનો પ્રયત્ન કરો. યાદ રાખો કે તમારી કોઇ પણ વસ્તુને જોવાની રીત (એટલે કે દોષ દર્શન કરવાની વૃત્તિ)ને કારણે તમને દુઃખ થાય છે.

તમારા કર્મને કારણે આ બધી મુશ્કેલીઓ પડે છે. સર્જનહારની સૃષ્ટિમાં પોતાનાં કરેલાં કર્મોનાં ફળ રજેરજ ભોગવવાં પડે છે. બધું એમના નિયમ પ્રમાણે થાય છે. તમારે આત્માનુસંધાન કરવું જ પડશે ! બધા જ સંચિત કર્મોનો ક્ષય કરવો જ પડે અને તેમ કરીને ભગવાન તમને એમની સાથેના મિલન માટે શુદ્ધ કરે છે તે હંમેશાં મનમાં રાખો.

તેઓ તો સદા સર્વદા સર્વત્ર છે જ. તમે જેમ જેમ એ કૃપાસિંધુ, કરુણાસાગરની નજીક જશો તેમ તેમ તમને એમના હોવાની અનુભૂતિ થશે. તમારો સમય જપમાં, ધ્યાનમાં, શાસ્ત્રોના અભ્યાસમાં અને એ પ્રકારની બીજી પ્રવૃત્તિમાં વિતાવો. વિચાર, વાણી અને વર્તનથી સત્યનિષ્ઠ બનો. બીજાને બીજાની પ્રકૃત્તિ પ્રમાણે વર્તવા દો. સારાને દુનિયા સારી જ લાગે છે. જેની સાથે કામ કરવાનું છે તેની સાથે નિષ્ઠા અને સરળતાથી વ્યવહાર કરો. તમારા ઉદાહરણથી બીજા પણ બદલાશે. મનુષ્યના વર્તનમાં અને દૃષ્ટિકોણમાં મનની વિશાળતા અને ઉદારતા હોવાં જોઇએ.

''પતિ અને પત્ની વચ્ચે, માતા-પિતા અને સંતાનો વચ્ચેની સુસંવાદિતા સાંસારિક આકર્ષણ અને માયા-મમતા પર આધારિત છે. પરંતુ આટલા બધા લોકો સાથે સુસંવાદિતાપૂર્વક રહેવું તેમાં જ ખરી મહાનતા છે. તમને ભગવાન કોઇ પણ સમયે કોઇ પણ સંયોગોમાં મૂકે, લક્ષ્યથી ચ્યુત ન થશો, આધ્યાત્મિક વાતાવરણના ઉદ્દીપન માટે સજાગ રહેજો. તેને માટેનો પાયો છે વાણી અને વર્તનમાં સત્યનિષ્ઠા, ધૈર્ય અને તિતિક્ષા. પ્રત્યેક વિષયમાં એમના પર આધાર રાખો. યાત્રાએ જઇએ ત્યારે માર્ગમાં બધું જાતજાતનું બન્યાં કરે એ સ્વાભાવિક છે. એ જ જગતનો નિયમ છે.

❑ ◆ ❑

**વૃન્દાવન :** ફેબ્રુઆરી ૭, ૧૯૬૩

કોઈ હમણાં જ પરદેશથી આવ્યું હતું અને તેમનો આશ્રમમાં જોડાવાનો વિચાર હતો. તેમણે પૂછયું : ''માણસ આશ્રમમાં રહે છે ત્યારે ત્યાં તેને ઘણી મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. એનાથી સાધનામાં કંઇ મદદ થાય ખરી?''

**માતાજી :** તમારે એટલું સમજી લેવું જોઇએ કે લોકોનું તમારી સાથેનું અમુક પ્રકારનું વર્તન, પછી તે સારું હોય કે ખરાબ, તે તમારાં કર્મોનું ફળ છે. પૂર્વજન્મનાં સંચિત કર્મોનાં સારાં-નરસાં ફળ ભોગવવા માટે મનુષ્યનો જન્મ આ જગતમાં થાય છે. તે જે કંઇ સુખ-દુઃખ અનુભવે છે તે સઘળાં તેનાં સંચિત કર્મોને કારણે છે, કર્મોના પરિપાકરૂપે છે અને

તેને તે રીતે સ્વીકારવાં જોઇએ. આ સંસારમાં તેમ જ આધ્યાત્મિક જીવનમાં જે કંઇ સંકટ આવે તેનો સમતા રાખીને સામનો કરવો જોઇએ. પ્રત્યેક યાત્રામાં કષ્ટ પડે, વિટંબણાઓ આવે તે સ્વાભાવિક છે. એનાથી તિતિક્ષા, નમ્રતા, ઉદારતા અને સર્વ પ્રત્યે મૈત્રીની ભાવના કેળવવામાં સહાય થાય છે. જેમ જેમ આ માર્ગે આગળ પગલાં ભરશો તેમ તેમ ધીમે ધીમે સઘળાં વિઘ્નો, વ્યવધાનો અદૃશ્ય થઇ જશે તે યાદ રાખો.

❑ ◆ ❑

**કિશનપુર :** જુલાઇ ૨૩, ૧૯૬૩

રોમન કેથોલિક ચર્ચના એક ધર્મગુરુ ફ્રાન્સથી ભારતમાં ભારતીય આધ્યાત્મિકતા કેવી છે તે પોતાની જાતે જોવા-સમજવા માટે ભારતમાં આવ્યા છે, તેઓ બે દિવસ પહેલાં દહેરાદૂન માતાજીને મળવા આવ્યા.

**તેમણે પૂછ્યું :** ''માતાજીની દૃષ્ટિએ મનુષ્યજીવનનું મૂળભૂત કર્તવ્ય શું છે?''

**માતાજી :** 'હું કોણ છું' તે શોધવાનો પ્રયત્ન કરવો તે, આ માટીની કાયાને ઘડનારાને ઓળખવાનો ઉદ્યમ કરવો તે. પરમાત્માની શોધ કરવી તે. પરંતુ પહેલાં તો પોતાની જાતને જાણવાની, ઓળખવાની આકાંક્ષા જાગી ઊઠવી જોઇએ. જ્યારે પોતાની જાત-આત્માની ઓળખાણ થાય છે ત્યારે પરમ તત્ત્વની શોધ પૂરી થાય છે ત્યારે પરમ તત્ત્વની શોધ થઇ જાય છે અને પરમ તત્ત્વની શોધ પૂરી થાય છે ત્યારે આત્માની પહેચાન આપોઆપ થાય છે, પરમ આત્મા મળી જાય છે, જે એક છે.

**પ્રશ્ન :** શું ઘણાબધાં લોકોને આ શોધમાં સફળતા મળે છે?

**માતાજી :** ઘણા ઘણાને સિદ્ધિ ઉપલબ્ધ થાય છે, ઘણાને મુક્તિ પ્રાપ્ત થાય છે પરંતુ સંપૂર્ણ સાક્ષાત્કાર તો અત્યંત વિરલ છે - લાખોમાં એકને થાય છે.

**પ્રશ્ન :** શું માતાજી એમ માને છે કે તેઓએ આ પરમ પૂર્ણતાની પ્રાપ્તિ કરી છે?

માતાજી : (હસે છે) તમે મને જે કાંઇ માનો તે સઘળું હું છું.

ધર્મગુરુ : (દુભાષિયાને) આનો અર્થ એ કે તેઓ એવું માને છે, નહિ તો એમણે સાફ 'ના' પાડી હોત.

(માતાજીને) : કઇ ક્ષણથી માતાજીને એ સાક્ષાત્કાર થયેલો છે?

માતાજી : એ ક્યારથી નહોતો? હું ક્યારે ન હતી?

પ્રશ્ન : તમે લોકોને અંદરથી જોઇ શકો છો એમાં મને શંકા નથી. હું આ માર્ગમાં આગળ વધેલો છું કે પછી મારી યાત્રા તો હજી શરૂ થાય છે એ મને કહી શકશો?

માતાજી : ઘણા આવીને આવા પ્રશ્નો પૂછે છે, પરંતુ આ શરીર મોટે ભાગે આવા પ્રશ્નોના ઉત્તર આપતું નથી. જો કે, ક્યારેક, પ્રસંગોપાત, એવું બને કે આ શરીર કોઇને કહે : 'તમે અમુક અમુક આધ્યાત્મિક સ્થિતિએ પહોંચ્યા છો.' એનો આધાર આ શરીરના 'ખયાલ' પર છે.

પ્રશ્ન : માતાજી ખ્રિસ્તી ધર્મ વિષે જાણે છે? અને તેઓ તેના વિષે શું માને છે?

માતાજી : જો ખ્રિસ્તી ધર્મ પોતાના વિશેષ સ્થાન માટે દાવો કરે અને પોતાને બધાથી અલગ તારવે તો તે બધા ધર્મોનું ખંડન કરે છે. અમે ઇશુ ખ્રિસ્તને સ્વીકારીએ છીએ, પરંતુ સર્વધર્મની સંવાદિતામાં. તેઓ પોતે તો આવી સંકુચિતતાથી પર છે.

પ્રશ્ન : એક ખ્રિસ્તી તરીકે ભગવાનની શોધ કરવી એ મારી પહેલી ફરજ ખરી પરંતુ પડોશીને પોતાના બરાબર માનીને તેની સાથે પ્રેમથી રહેવાની પણ મારી ફરજ છે. ભારતમાં ઘણી ગરીબાઇ છે. ગરીબોની સેવા કરવાની પણ મારી ફરજ છે. આ અંગે માતાજીનો શો અભિપ્રાય છે?

માતાજી : હિન્દુ ધર્મ પણ બરાબર આ જ શીખવે છે. નરમાં નારાયણની સેવા કરવી એ ચિત્તશુદ્ધિનો એક માર્ગ છે.

પ્રશ્ન : તમે કહો છો કે 'એક માર્ગ' છે જયારે અમારે માટે તે એકમાત્ર માર્ગ છે. પૂર્ણતાની પ્રાપ્તિ માટે બીજા માર્ગો પણ છે ખરા?

**માતાજી :** તેના માર્ગો તો અનંત છે અને સેવા તેમાંનો એક માર્ગ છે.

**પ્રશ્ન :** યાંત્રિક શોધખોળ આધ્યાત્મિક જીવનમાં મદદરૂપ છે કે વિઘ્નરૂપ ?

**માતાજી :** યાંત્રિક ઉપકરણોની શોધખોળ પોતે સારી પણ નથી કે ખરાબ પણ નથી. વર્તમાન સમયમાં લોકો વિમાનમાં ઊડે છે અને પુરાતન સમયમાં લોકો પુષ્પક રથમાં ઊડતા હતા. આ બધો સંસારનો ખેલ નિરંતર ચાલ્યા કરે છે. પોતાની શોધમાં સહાયક બને એને સ્વીકારવું અને બાધારૂપ બને તેને દૂર રાખવું.

**ધર્મગુરુ :** ઉદાહરણરૂપે મુદ્રણની શોધ. પુસ્તક દ્વારા લોકોને પોતાની શોધમાં સહાય થઇ શકે.

**માતાજી :** કોઇને જો ભગવાન જોઇતા હોય ને તેના સિવાય બીજું કશું જ ખપતું ન હોય, તો તે તેનું પુસ્તક તેના અંતરમાં લઇને ફરે છે. તેને છાપેલાં પુસ્તકોની કોઇ જ આવશ્યકતા નથી. પરંતુ આધુનિક ઉપકરણો જો ભગવાનની શોધમાં સહાય કરે તો તેનો ઉપયોગ કરવામાં કોઇ જ વાંધો નથી.

❑ ◆ ❑

## માતાજીની કાર્યપદ્ધતિઓ :

જુદી જુદી વ્યક્તિઓ સાથે અને એકની એક વ્યક્તિ સાથે જુદા સમયે અને તેના વિકાસની ભિન્ન ભિન્ન અવસ્થાઓને સુસંગત હોય તે રીતે કામ પાડવાની માતાજીની અનંત કાર્યરીતિઓનું નિરીક્ષણ આપણને મંત્રમુગ્ધ કરે તેવું અને આપણા અંતરમાં જ્ઞાનનાં અજવાળાં પાથરે તેવું હોય છે. આદર્શ શિક્ષકને કોઇ પદ્ધતિ હોય નહિ. એ શિષ્ય સાથે અને તેને જે કંઇ શીખવવાનું હોય તેની સાથે એકરૂપ હોય, તેથી પ્રત્યેક પરિસ્થિતિ પર તેનું સંપૂર્ણપણે પ્રભુત્વ હોય. શ્રી મા સાથે પણ આમ જ છે. અનંત વૈવિધ્યપૂર્ણ કાર્યરીતિઓ પર તેમનું જે સહજ સરળ પ્રભુત્વ છે તે જોઇને વારી જવાય છે, આશ્ચર્યચકિત્ત થઇ જવાય છે.

માતાજી કદી કોઇને કંઇ પરાણે, બળપૂર્વક કરાવે નહિ. પોતપોતાના નિરાળા રાહ પર આગળ વધવાની દરેકને પૂરેપૂરી સ્વતંત્રતા, માત્ર દૃષ્ટિ સત્‌ સ્વરૂપ પરમાત્મા પર સ્થિર હોવી જોઈએ. ''તેના વિના એક ક્ષણ પણ ન રહેશો, હર શ્વાસની સાથે તેનું સ્મરણ કરજો.'' આ છે એમની ધ્રુવ પંક્તિ, એમના ઉપદેશનું સારભૂત તત્ત્વ. પરંતુ આ શીખવવા માટે તેમની પાસે લાખ લાખ રીતો છે. માતાજી કોઈને પોતાની સાધનાપદ્ધતિ બદલવાનું કહેતાં નથી, સિવાય કે તે ભટકી ગયો હોય અથવા તો તેને લાગતું હોય કે તેનાથી માર્ગે આગળ વધી શકાતું નથી. તેઓ પ્રત્યેકને પોતપોતાની ઉપાસના-પદ્ધતિ પ્રમાણે માર્ગદર્શન આપે અને સીધે સીધી સહાય કરે. ઉપાસનાના પ્રકારનું બહુ મહત્ત્વ નથી પરંતુ ઉપાસકની નિષ્ઠા, તીવ્રતા અને હૃદયપૂર્વકની લગનનું વધુ મહત્ત્વ છે. ''ભગવાનને માટે અંતઃકરણપૂર્વક રુદન કરો, પરંતુ બીજા કશા માટે ક્યારેય રડો નહિ !'' એવું માતાજી કહે છે.

માતાજી સામાન્ય રીતે દીક્ષા આપતાં નથી અને ગુરુ કહેવરાવવા સામે તેમને વાંધો છે. (દીદીમાની મહાસમાધિ પછી માતાજીએ પોતાની વિશિષ્ટ પદ્ધતિ પ્રમાણે દીક્ષા આપેલી છે.) પરંતુ તેઓ કેટલાંક ઉપાસકોને ગુરુ પાસેથી દીક્ષા ગ્રહણ કરવા માટે પ્રોત્સાહિત કરે છે, પ્રત્યેક ઉપાસકને નહિ. ગુરુનો એકવાર સ્વીકાર થઈ જાય પછી ગુરુની આજ્ઞાનું સર્વથા

પાલન કરવાનું રહે છે - સિવાય કે પછી એ શિષ્યોને પથભ્રષ્ટ કરનાર કહેવાતા ગુરુઓમાંના એક નીકળી પડે, જે ધ્યેય પ્રતિ લઈ જવાને બદલે ધ્યેયથી વિમુખ કરનાર હોય. આવા કિસ્સામાં તેમની સલાહ સંપૂર્ણપણે સંબંધ-વિચ્છેદ કરીને નવેસરથી સાધનાનો પુનઃ આરંભ કરવાની હોય છે.

પોતાના ગુરુ અંગે શિષ્યોને મૂંઝવતી શંકાઓ અને સંઘર્ષોને માતાજી જે રીતે ઓગાળી નાખે છે, જે રીતે દૂર કરે છે, તે અહોભાવ પ્રેરે તેવું હોય છે. જેમ બત્તીની એક જ ચાંપ દાબવાથી આખા ઘરમાં અજવાળું અજવાળું થઈ જાય તેમ શ્રી મા ભક્તની મુશ્કેલીઓ પર પ્રકાશનો પ્રવાહ ફેંકે છે જેથી એક નવી સમજણ અને ગુરુની સૂચનાઓના નવા જ અર્થબોધનો તેનામાં ઉદય થાય છે અને તેને તેના મનની શાંતિ પાછી મળે છે. માતાજી આ કામ કાં તો શબ્દો દ્વારા અથવા તો મૌન દ્વારા - જે રીતની આવશ્યકતા હોય તે રીતે - કરે છે, ઘણીવાર એક જ મુલાકાતમાં અથવા બહુ અટપટા કિસ્સામાં ક્રમશઃ, ધીરે ધીરે કેવળ પોતાની પ્રશાંતિદાયક, જ્ઞાનદાત્રી ઉપસ્થિતિના જાદુ દ્વારા કરે છે. જેણે જેણે આનો અનુભવ કર્યો છે અથવા કોઈના આવા અનુભવને જોયો છે તેમને ખાસ ખબર છે કે શ્રી મા પોતે કેવો અમાપ અસીમ આશીર્વાદ છે. ''મારે કોઈ એક માર્ગ નથી,'' શ્રી મા કહે છે, ''બધા માર્ગો મારા માર્ગો છે.'' આ તો જેને સહિષ્ણુતા કહેવાય તેને પેલે પારની વાત છે. એનું મહત્ત્વ આંકીએ એટલું ઓછું છે. માના વ્યક્તિત્વમાં સર્વ સંપ્રદાયો, સર્વ તત્ત્વદર્શનો અને વિચારપદ્ધતિઓ, યોગની સર્વ પદ્ધતિઓનો સમન્વય આપણને મળી આવે છે.

પ્રશ્નોના ઉત્તર આપવાની માતાજીની આગવી અનોખી રીતિ છે. મા પ્રત્યેક પ્રશ્ન પર અચૂક પૂછનાર જિજ્ઞાસુના દૃષ્ટિકોણથી પ્રકાશ પાડે છે અને બીજા દૃષ્ટિકોણો પર પણ પ્રકાશ પાડે છે. એમના ઉત્તરો ઘણીવાર ખૂબ જ સંક્ષિપ્ત અને સચોટ હોય છે, પ્રસંગોપાત મૂંઝવી નાખે તેવા પણ હોય છે છતાં હંમેશાં આપણને વિચારવા માટે પ્રેરે તેવા હોય છે. એમના શબ્દો પર જેમ જેમ ધ્યાનપૂર્વક ચિંતન કરીએ તેમ તેમ તેના મહત્ત્વ અને ગહનતાની સમૃદ્ધિ પ્રગટ થાય છે. આપણને લાગે છે કે સમસ્યા, તેનું નિરાકરણ અને સમસ્યા-નિરાકરણની પેલે પારનું અનંત

અનાદિ તત્ત્વ સઘળું તે પોતે જ છે. જે લોકોને પોતાના પ્રશ્નો રજૂ કરવાની તક ન મળે તેને, બીજા કોઈએ એના જેવો પ્રશ્ન ન પૂછ્યો હોવા છતાં, જેવી જરૂર હોય તેવા જ, પોતાના પ્રશ્નોના ઉત્તરો માતાજી સાથેની પ્રશ્નોત્તરીમાં ઉપસ્થિત રહેવાથી મળ્યા છે. સભામાંથી તેઓ સ્તબ્ધ થઈને, વિસ્મિત, ચકિત બનીને બહાર આવે એમાં આશ્ચર્ય શું?

શ્રી મા સમયને પરાજિત કરે છે. હજારો એમના માર્ગદર્શન અને સહાય માટે એમની સામે મીટ માંડે છે અને કોઈ ક્યારેય નિરાશ થતું નથી એવું લાગે છે. એટલું જ નહિ એમને કોઈ ઉતાવળ નથી હોતી, કશાનો રઘવાટ નથી હોતો. તે ચર્ચા કરે છે અને ઘણીવાર તો ઝીણી ઝીણી વિગતો પૂછે છે. એ હસી-મજાક કરે છે, ગાય છે, કીર્તન અને લાંબા વાર્તાલાપો તથા શાસ્ત્રપાઠ સાંભળે પણ છે. પોતાના જીવનની ઘટનાઓની વાતો કરે છે, પ્રસંગોપાત કેમ રાંધવું, કેમ ઓરડો વ્યવસ્થિત ગોઠવવો, સભાખંડને કોઈ ઉત્સવ અથવા મેળાવડા માટે કેમ શણગારવો, અતિથિઓનું સ્વાગત વિનય-વિવેકથી, યોગ્ય રીતે કેમ કરવું, દરદીની સેવાચાકરી કઈ રીતે કરવી, એ શીખવાડે છે. આ અને આવી બીજી હજારો બાબતો માટે, એમને સમય મળે છે. સંપૂર્ણપણે સમર્પિત જીવન કોઈ પણ સંયોગોમાં કઈ રીતે જીવવું તે શીખવવાની અને પ્રત્યેક પ્રકારના મનુષ્યને માટે દરેક પ્રકૃતિ ધરાવતી વ્યક્તિ માટે પરમાત્મા પ્રતિ લઈ જતો માર્ગ મળી શકે અને મળવો જ જોઈએ તે શીખવવાની આ બધી એમની અનંત કાર્યપદ્ધતિઓ છે.

શ્રી માને માટે રાત્રિ અને દિવસ સરખાં છે. પોતાના વિશ્રામ માટે રાખેલા સમયમાં, દિવસે અને રાત્રે, તેઓ અંગત મુલાકાતો આપે છે અથવા તો પત્રો વંચાવીને ઉત્તરો લખાવે છે.

જીવનની કટોકટીની પળોમાં હંમેશાં સ્વપ્નમાં માની પાસેથી સલાહ અને આશ્વાસન મેળવનાર ઘણા લોકો છે. માતાજીના પ્રવાસ દરમિયાન તેઓ જે સ્થળે જાય ત્યાં એમને મળવા ઇચ્છતા હોય અને માતાજી વિદાય થાય ત્યાં સુધી મળી ન શક્યા હોય અથવા તો મુલાકાત સાવ ટૂંકાઇ ગઇ હોય અને નિરાશ, ઉદાસ મનથી નિદ્રાધીન થયા હોય તેવાને અંતે સ્વપ્નમાં માનાં દર્શન થાય, મનોરથ પૂરો થાય એવી રીતે માનો સંસ્પર્શ

થાય અને તેની ચિરંતન છાપ પડે - આવા અનુભવો ઘણા લોકોને થયેલા છે. કેટલાકને તો મા પાસેથી સ્વપ્નમાં મંત્ર પણ પ્રાપ્ત થયો છે. આ મંત્રની પૂર્વે કશી જ જાણ ન હોય છતાં તે સાવ સાચો નીકળે. મારી જાણમાં છે ત્યાં સુધી માતાજી આવા બનાવો વિષે પોતે કોઇ ટીકા ટિપ્પણ કરતાં નથી, પરંતુ જો કોઇ એમને પૂછે કે સ્વપ્નમાં મળેલી દીક્ષા ફરીથી જાગ્રતમાં લેવી પડે કે કેમ તો સામાન્ય રીતે મા કહે છે : ''સ્વપ્નમાં મળેલી દીક્ષામાં શ્રદ્ધા હોય તો તે પૂરતું છે. ન હોય તો તમારે ફરીથી જાગ્રતમાં દીક્ષા ગ્રહણ કરવી પડે છે. તમારી શ્રદ્ધા પર બધો આધાર છે. બધું જ મન પર આધારિત છે.''

માતાજી ભાગ્યે જ આદેશ આપે છે અને આપે તો તેમને કે જેમણે અંતઃપ્રેરણા દ્વારા, વિવેક દ્વારા, અનુભવ દ્વારા માતાજીના અનશ્વર જ્ઞાનરાશિમાં સંપૂર્ણ શ્રદ્ધા રાખી છે તેવાઓને. પરંતુ તે જ્યારે આજ્ઞા કરે ત્યારે કંઇ પણ કારણ માગ્યા વગર આજ્ઞાનું પાલન કરવું એ એક માત્ર માર્ગ છે. જે કંઇ કામ સોંપે તેની સાથે સાથે જ માતાજી તેને પાર પાડવાની શક્તિ પણ આપે છે. પરંતુ મોટે ભાગે આ કંઇ સહેલું નથી હોતું. માતાજીની આજ્ઞાનું પાલન કરવાથી બુદ્ધિની ધાર તીક્ષ્ણ થાય છે અને કાર્યનો પ્રારંભ કરવાની કુશળતાનો વિકાસ થાય છે એવો સર્વસામાન્ય અનુભવ છે. એ અત્યંત એકાગ્રતા અને જાગૃતિ માગી લેનારું કામ છે - પોતાનામાં પડેલી ક્ષમતાને, હિંમતને, તિતિક્ષાને અને ધૈર્યને સારામાં સારી રીતે પ્રગટ કરવા માટે તેમજ પોતાની મર્યાદાઓ અને નબળાઇઓને અંદરથી બહાર લાવીને દૂર કરવા માટે જ જાણે કે ગણતરીપૂર્વક આવું કરવામાં આવે છે.

માના હાથમાં પોતાની જાતને મૂકી દેવી એટલે ધીમે ધીમે બીજા લોકો પરના, વસ્તુઓ અને વિચારો પરના, અવલંબનમાંથી ધીમે ધીમે મુક્ત થવું, દરેક પ્રકારના ભયમાંથી મુક્ત થવું, અસલામતીની લાગણી, લોકો શું કહેશે તેનો ભય, નિષ્ફળતાનો ભય, વ્યથા અને મૃત્યુનો ભય - આવા ભયોમાંથી મુક્ત થવું. બધું જ ભલે જાય, મા તો છે અને છે જ.

શ્રી માનાં પ્રેમ અને કરુણા એટલાં બધાં ગહન છે કે તેમાં કૃત્રિમ દયાનો લેશમાત્ર અંશ નથી. માતાજી પોતાનાં બાળકોને વધારે પડતા લાડ કરીને મોઢે ચડાવતાં નથી. વિકાસ પામવાની સાથે, શીખવાની સાથે અને

ચિત્તશુદ્ધિની પ્રક્રિયા સાથે અનિવાર્યપણે જીવનના એક ભાગરૂપે પીડા જોડાયેલી છે. જે લોકો એવું માને છે કે માતાજીની સાથે ગાઢ સંપર્કમાં રહેવું એટલે આરામથી બેસી રહેવું અને એમના તેજની નિશ્રામાં મોજ-મજા કરવી, જગતનાં દુ:ખ-દર્દ વિસારે પાડી, કોલાહલથી પર થઇ, એક પ્રકારના શાંતિમય, આનંદમય સ્વર્ગમાં સતત વિહરવું, એ લોકોની મહાન ભૂલ થાય છે. મા કેવળ દૃઢ બની શકે છે એટલું જ નહિ, અતિ કઠોર પણ બની શકે છે અને જો કોઇને એમના અપાર, અગાધ પ્રેમનો ઉત્કટ અનુભવ ન હોય તો માની અદ્‌ભૂત શસ્ત્રક્રિયાને ક્રૂરતા માનવાની ગેરસમજ કોઇ કરે તેવો સંભવ છે. કયારેક મા એવું કંઇક કરે કે જેનાથી તમારો મનગમતો વિચાર, માન્યતા કે પૂર્વગ્રહ મૂળમાંથી હચમચી જાય અને આ પ્રક્રિયા નિશ્ચિતપણે અત્યંત કષ્ટદાયક હોય. આવા એક પ્રસંગે મેં એમની પાસેથી સાંભળ્યું : ''જે કંઇ કરવું જરૂરી છે તે હું મારે માટે કરું છું'' (તેમને માટે કોઇ 'જુદું - બીજું' નથી.) ''તમે ચામડી પર ખંજવાળો અને લોહી નીકળે તો તમે તમારા હાથને કાપો છો? જો તમે આટલું યે ખમી શકતા ન હો તો તો તમને આત્માના આનંદનું જ્ઞાન કેવી રીતે થાય?'' માના તેજોમય મુખકમલને જોતાં જ કોઇને પણ સમજાય કે મા કદી કોઇને કષ્ટ પહોંચાડી શકે નહિ. આપણી પોતાની ક્ષતિઓ, આપણો પોતાનો અહંકાર જ પોતાના માટે યુદ્ધે ચડે છે, એને કારણે દુઃખ થાય છે, માતાજીને કારણે નહિ.

એક સુપ્રસિદ્ધ મહાત્માએ એક વાર શ્રી મા વિષે કહ્યું, ''માતાજી તો મહાસાગર છે. બધી નદીઓ મહાસાગરને મળે છે અને છતાં સમુદ્ર કદી ઉભરાતો નથી કે ખાલી થતો નથી. એ જ રીતે માતાજીની અવસ્થા નિત્ય એકમેવપૂર્ણ, નિર્વિકાર રહે છે. વધઘટનો કોઇ પ્રશ્ન છે જ નહિ. મારી જોવાની રીત આ છે. સામાન્ય મનુષ્યોની બુદ્ધિ નદીઓ જેવી છે, માતાજીની ચેતના મહાસાગર છે. શ્રીમદ્ ભગવદ્ ગીતાનુ પણ આ જ સ્વરૂપ છે.''

❑ ◆ ❑

## વિશેષ નિર્દેશો

### ભાગ - ૧ (૧૯૪૭ - ૧૯૫૪)

કેટલાક નોંધપાત્ર બનાવો
શોકાકુલ માતા
''મૃત્યુ એટલે જીર્ણ વસ્ત્ર ત્યાગીને નવું પહેરવું''
મૃત્યુ મરી ગયું
ચિન્મય પ્રસાદ
યોગનું ઉદાહરણ
આઘાતો ઈશ્વરકૃપા છે.
જાગૃતિ
ઈચ્છાઓ માત્ર ઈશ્વરપ્રાપ્તિની રાખો.
ઈશ્વર એક જ પ્રિયતમ
શાંતિ કેમ મળે?
પૂર્ણમિદમ્
શ્રદ્ધા
યોગ્ય માર્ગદર્શનનું મહત્ત્વ
માનું યાત્રામાંથી પુનરાગમન
એક રોપની જીવનરક્ષા
પુષ્પનો ભાર - પુષ્પનું વજન
માતાજી અને બાળકો
''મોઢું ખાલી ન રાખો કદી પણ''
''તમારા અસલ ઘરમાં જાઓ.''
''વૃક્ષ નીચે બેસો.''
''ઈશ્વર-સ્મરણ એક જ્યોત જેવું છે.''
ગુરુ અને શિષ્ય
એક અંગ્રેજ સાધકને સલાહ
પ્રણામ વિષે
''એક સત્'

૧૯૫૧ અને ૧૯૫૨માં પંજાબમાં જન્મોત્સવ
ઈશ્વર માટે બધું જ શક્ય છે.
માતાજી નાટક કરે છે.
''સ્તુતિ-નિંદાથી દોરવાઇ ન જાઓ.''
ક્રોધ વિષે
સાંભળવું એટલે શું અને દર્શન એટલે શું?
શ્રદ્ધા વિષે
અજપા
''ભગવાન વિષે વિચારો.''
''જ્ઞાનનો વેપાર ન કરો.''
અનેકવિધ દૃષ્ટિકોણ
આત્મસાક્ષાત્કાર કેમ થાય?
''સર્વત્ર કૃષ્ણને જોવાનો પ્રયત્ન કરો.''
માયા એટલે શું?
શરણાગતિ શા માટે જરૂરી છે?
કર્મ વિષે
પ્રાર્થનાની અસર
વ્યવહારુ સલાહ

**ભાગ - ૨**

**સોલનમાં સત્સંગ (મે - જૂન - ૧૯૫૫)**

સાચા શિક્ષણનું મહત્ત્વ
સત્યપ્રિયતા વિષે
વિશુદ્ધિ વિષે
વેદના વિષે
પ્રાર્થના વિષે
વસ્ત્રો વિષે
આહાર વિષે
માનસિક શક્તિના ઉપયોગ - દુરુપયોગ વિષે

દાન અને આતિથ્ય વિષે
નિદ્રા વિષે
સાચા પ્રેમ અને ભ્રામક આકર્ષણ વિષે
આપણા દિવંગત સ્વજનો પ્રત્યે સાચું વલણ રાખવા વિષે
સંન્યાસ અને ત્યાગ વિષે
ત્રણ દૃષ્ટાંત કથાઓ
- માટીનો ઘડો પોતાની કથા કહે છે.
- ચાલાક વેપારી.
- અમૂલ્ય હાર.

**ભાગ - 3**

**(૧૯૫૬ - ૧૯૬૩)**

''પ્રત્યેકને પોતાની રીત હોય''
''સર્વસ્વ આપો ત્યારે સર્વસ્વ મેળવો છો.''
''વૃક્ષો અને છોડ પાસેથી શીખો.''
''સહુથી વધારે સહજ વસ્તુ.''
ડચ મનોવૈજ્ઞાનિકો સાથે ચર્ચા.
કેટલાક રસપ્રદ પ્રશ્નો
માતાજી ભાઈજી વિષે વાત કરે છે.
દિવંગત સ્વજનોની પાછળ રોકકળ કરવાથી તેમની ઊર્ધ્વગતિ રુંધાય છે.
ગૂઢવાદી મંડળીઓ ભયાવહ છે.
એક આયરીશ પત્રકાર સાથે વાતચીત
એક મરણિયા સાધકને સલાહ
પશુબલિનો અર્થ છે મનુષ્યની પાશવીવૃત્તિઓનો બલિ.
પૂજાનો અર્થ
યોગાસનો વિષે
અંદરનો પ્રકાશ અને બહારનો પ્રકાશ
''શાંતિ અને સુખ ઈશ્વરમાં છે, સંસારમાં નથી.''
''પરમાત્માને તેમને પોતાને માટે શોધો.''

એક ખાલી કબાટની દૃષ્ટાંત કથા
ઈશ્વરનું સ્મરણ કેવી રીતે રહે?
મનુષ્યને સ્વાતંત્ર્ય કેટલું?
''દુઃખ આપીને હરિ દુઃખ હરે છે.''
નામમાં નામી રહેલો છે.
''નિર્ભય બનો.''
સતત પ્રયત્નનું ફળ મળે છે.
મનુષ્યેચ્છા અને ઈશ્વરેચ્છા
ઈશ્વર માટે પ્રેમ કેવી રીતે આવે?
સાધિકાઓને સૂચના
સાધકના વર્તન વિષે
''ભગવાનને સર્વત્ર કેવી રીતે શોધી શકાય?''
''ગૃહસ્થનો ધર્મ''
''તમારું મન ભગવાનમાં પરોવી રાખો.''
ધ્યાન વિષે
તીર્થો શા માટે છે?
માંદગીનો ઈલાજ
એક ભક્તની કથા
દુઃખ આપણને વિશુદ્ધ કરે છે.
ધોબીના ગધેડાની દૃષ્ટાંત - કથા
''સુખ અને દુઃખ મનને કારણે છે.''
પ્રાર્થના અને ધ્યાન વચ્ચેનો તફાવત
મૃત્યુની ક્ષણે મનુષ્ય શું વિચારે છે તેનું મહત્ત્વ
આહારની મન પર અસર
સ્વજનના મૃત્યુના આઘાત વિષે
''જે ભગવાન સાથે જોડાય છે તેના જીવનનું ધ્યેય પૂર્ણ થાય છે.''
''જે શોધે છે તે પામે છે.''
''પ્રણામ ફક્ત ભગવાનને જ થાય છે.''
સંન્યાસીનો વેષ

સાધિકાઓ સાથે ચર્ચા
ભાગ્યની ગતિ
આત્મહત્યા, હત્યા, સતી અને મૃત્યુ વિષે
પ્રસાદનો પ્રભાવ
આશ્રમવાસીઓને સલાહ
એક રોમન કેથલિક પાદરી સાથે ચર્ચા
માતાજીની કાર્યપધ્ધતિઓ

❑ ◆ ❑